सत्यमेव जयते

કેસ પ્રાપ્તિ તારીખ :
કેસ દાખલ તારીખ :
કેસ નિર્ણીત તારીખ:
અવધી : વર્ષ માસ દિવસ.

## પોરબંદરના મ્હે. સ્પેશ્યલ (ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ) જજ સાહેબની અદાલતમાં

સ્પે. (પોકસો) કેસ નં. ૩૫/૨૦૨૪

ધી સ્ટેટ ઓફ ગુજરાત .......... ફરીયાદી.

**વિરુધ્ધ**

વાના ઉર્ફે વનરાજ ભીમાભાઈ કડેગીયા,
ઉ.વ.૨૦, ધંધો :મજુરી
રહે, કંડેગી ગામ, રબારી કેડા પાસે, તા. કુતિયાણા.
જી. પોરબંદર. .......... આરોપી.

ગુન્હો :- ભારતીય ન્યાય સંહિતા (૨૦૨૩) ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮ મુજબ.

---

**ફરીયાદ પક્ષે વિ. સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા.**
**આરોપીપક્ષે વિ.વકીલશ્રી જે. આર. ઓડેદરા.**

---

### -:: ચુકાદો ::-

(૧) પોકસો એકટના કાયદાની કલમ-૩૩(૭) તથા કલમ-૩૭ ના પ્રબંધો મુજબ ટ્રાયલ દરમ્યાન બાળકની ઓળખ જાહેર થવી ન જોઈએ. જેથી આ ચુકાદામાં ભોગ બનનાર બાળકનું નામ જાહેર કરેલ નથી અને બાળકના

નામને બદલે બાળકને '' ભોગ બનનાર '' તરીકે સંબોધવામાં આવેલ છે. તથા ટ્રાયલ ઈન–કેમેરા ચલાવવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપી વિરુધ્ધ બગવદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદી ધ્વારા જાહેર કરવામાં આવેલી ફરીયાદ આધારે ગુ.ર.નં.પાર્ટ એ – ૧૧૨૧૮૦૦૩૨૪૦૫૮૯/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧ ૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે ફાઈલ કરતાં હાલનો સ્પેશ્યલ કેસ ઉપસ્થિત થયેલો છે.

**ફરીયાદ પક્ષનો કેસ :**

(૩) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ–બનનારને તા. ૧૯–૧૦–૨૪ ના રોજ કલાક ૧–૦૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે શીશલી ગામ, શીંગડા પાટીયા પાસે વાડી વિસ્તારથી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી કડેગી ગામે લઈ જઈ ભોગ બનનારને લલચાવી, ફોંસલાવી લગ્ન કરવાની લાલચ આપી તેણી સાથે તેણીની ઈચ્છા અને મરજી વિરુધ્ધ ભોગ–બનનાર સાથે શરીર સબંધ બાંધેલ અને બળાત્કાર કરેલ. તે મતલબના આક્ષેપ સાથે ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલ છે.

**પોલીસ તપાસ :**

(૪) ફરીયાદી ધ્વારા ઉપરોકત હકીકતે બગવદર પોલીસ સ્ટેશનમાં પોતાની ફરીયાદ હકીકત જાહેર કરેલ અને ફરીયાદ આધારે ગુ.ર.નં.પાર્ટ એ – ૧૧૨૧૮૦૦૩૨૪૦૫૮૯/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧

૩૭(ર), ૮૭, ૬૪(ર)(આઈ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા ઉપરોકત ગુન્હાના કામે તપાસની કાર્યવાહી હાથ ધરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, જરુરી પંચનામાઓ કરેલા તેમજ તપાસની સંપુર્ણ કાર્યવાહીના અંતે હાલના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ. જે અત્રેની અદાલત ધ્વારા રજીસ્ટરે લઇ સ્પે. કેસ નં. ૩૫ /૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે.

**ચાર્જ અને પ્લી :**

(૫) આરોપીને અત્રેની કોર્ટમાં હાજર કરવામાં આવતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, અત્રેની કોર્ટ ધ્વારા આક-૧૯ થી તેઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુન્હાઓ સબંધેનું તહોમતનામુ ઘડી, તે આરોપીને વાંચી સંભળાવી, સમજાવતા આરોપીએ પોતાના આંક-૨૦ ના જવાબમાં ગુન્હો નાકબુલ કરી પોતે પોતાનો બચાવ ખાનગી વકીલ રોકી કરવા માંગતા હોવાનું જાહેર કરેલ હતુ અને તેથી ત્યારબાદ આ કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**ફરીયાદ પક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :**

(૬) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

## મૌખિક પુરાવા :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો. | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનાર | –– | ૨૨ |
| ૨. | વિરમભાઈ રાજશીભાઈ મોઢવાડીયા | ફરીયાદી | ૨૭ |
| ૩. | ડો. રાજેશભાઈ કરસનભાઈ સોલંકી | મેડીકલ ઓફીસર | ૩૦ |
| ૪. | ડો. નિલેષભાઈ સામતભાઈ મકવાણા | મેડીકલ ઓફીસર | ૩૯ |
| ૫. | રામભાઈ રણમલભાઈ ઓડેદરા | પંચ સાહેદ | ૪૩ |
| ૬. | સંતોષકુમાર વાસુદેવ શંકર | પંચ સાહેદ | ૪૫ |
| ૭. | લખમણ માલદેભાઈ પરમાર | પંચ સાહેદ | ૫૨ |
| ૮. | વિશાલભાઈ ગોપાલભાઈ પોસ્તરીયા | પંચ સાહેદ | ૫૫ |
| ૯. | હરેશભાઈ અમરાભાઈ જુંઝીયા | પોલીસ સાહેદ | ૫૭ |
| ૧૦. | આશીષકુમાર સુરમાજી બારા | પોલીસ સાહેદ | ૫૮ |
| ૧૧. | સુભાષભાઈ સવજીભાઈ ગામેતી | ત.ક.અ. | ૬૩ |

## દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર | ૨૩ |
| ૨. | બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ ભોગ બનનારનુ નિવેદન | ૨૪ |
| ૩. | ફરીયાદી | ૨૮ |
| ૪. | પોલીસ યાદી | ૩૧ |
| ૫. | ઓપીડી કેસ પેપર્સ | ૩૨ |
| ૬. | ફોર્મ નં. ૨(બી) | ૩૩ |

| | | |
|---|---|---|
| ૭. | ભોગ બનનારનું મેડી. સર્ટી. | ૩૪ |
| ૮. | પોલીસ યાદી | ૩૫ |
| ૯. | આરોપીના એમએલસી કેસ પેપર્સ | ૩૬ |
| ૧૦. | ફોર્મ નં. ૨(બી) | ૩૭ |
| ૧૧. | આરોપીનું મેડી. સર્ટી. | ૩૮ |
| ૧૨. | પોલીસ યાદી | ૪૦ |
| ૧૩. | ઓપીડી કેસ પેપર્સ | ૪૧ |
| ૧૪. | ભોગ બનનારનું ઈન્જરી સર્ટી. | ૪૨ |
| ૧૫. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૪૪ |
| ૧૬. | ભોગ બનનારનું કપડા કબજે લીધાનું પંચનામુ તથા મુદ્દામાલ બેગીની કાપલીઓ | ૪૬ થી ૪૮ |
| ૧૭. | આરોપીના કપડા કબજે લીધાનું પંચનામુ તથા મુદ્દામાલ બેગીની કાપલીઓ | ૪૯ થી ૫૧ |
| ૧૮. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા મુદ્દામાલ બેગીની કાપલી | ૫૩/૫૪ |
| ૧૯. | આરોપી તથા ભોગ બનનારના સેમ્પલ કબજે લીધાનું પંચનામુ | ૫૬ |
| ૨૦. | સ્ટેશન ડાયરીની નકલ | ૫૯ |
| ૨૧. | ગુનાની તપાસ સંભાળવા સુચીપત્ર | ૬૦ |
| ૨૨. | મેસેજ | ૬૧/૬૨ |
| ૨૩. | કલમ-૬૩(૪)(સી) નું સર્ટી. | ૬૪ |
| ૨૪. | કલમ ઉમેરો કરવાનો રીપોર્ટ તથા ઓસી | ૬૫/૬૬ |
| ૨૫. | કલમ-૬૩(૪)(સી) નું સર્ટી. | ૬૭/૬૮ |
| ૨૬. | વાહનની આર.સી. બુક | ૬૯ |

| | | |
|---|---|---|
| ૨૭. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ રીપોર્ટ | ૭૦ |
| ૨૮. | ભોગ બનનારની મેડી. તપાસણી કરેવા કરેલ યાદી | ૭૧ |
| ૨૯. | કલમ–૬૩(૪)(સી) નું સર્ટી. | ૭૨ |
| ૩૦. | મુદ્દામાલની રવાનગી નોંધ | ૭૩ |
| ૩૧. | નગરપાલીકાને કરેલ યાદી | ૭૪ |
| ૩૨. | ચીફ ઓફીસર નગરપાલીકાનો ફોમરવર્ડીગ પત્ર | ૭૫ |
| ૩૩. | ઓન લાઈન રવાનગી પત્રક | ૭૬ |
| ૩૫. | એફ.એસ.એલ. જુનાગઢની પહોંચ | ૭૭ |
| ૩૬. | મુદ્દામાલનો ફોરવર્ડીગ પત્ર | ૭૮ |
| ૩૭. | એફ.એસ.એલ. નો પરીક્ષણ અહેવાલ | ૭૯ |
| ૩૮. | બગવદર પીએસઓને કરેલ યાદી | ૮૦ |
| ૩૯. | ગુનાનો સ્પે. રીપોર્ટ | ૮૧ |

**આરોપીનુ વિશેષ નિવેદન :**

(૭) ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં પુરાવો તેમની હાજરી અને સાંભળતા લેવાયેલાનું સ્વીકારેલ છે તેમજ આરોપીએ પોતાની સામેના પુરાવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, '' અમો તદન નિર્દોષ છીએ ભોગ બનનારના કહેવા મુજબનો કોઈ ગુન્હો અમોએ કરેલ નથી. અમો ભોગ બનનારને લઈ ગયેલા હોય કે તેની સાથે શરીર સબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી. અમો તદન નિદોર્ષ છીએ. કહેવાતા ગુનાના કામે અમોને ખોટી રીતે સંડોવી દીધેલ છે. અમો તદન નિર્દોષ છીએ.'' આરોપીને અદાલત રુબરુ તમારે બચાવના સાહેદો તપાસવા છે તેવો પ્રશ્ન પુછવામાં આવતા તેઓને પ્રત્યુત્તર ''હાજી'' માં આપેલ છે. અને તે

અનસંધાને બચાવપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**બચાવપક્ષે રજુ કરેલ પુરાવો :–**

૧. આરોપી તરફે સાહેદ રાજાભાઈ વિરમભાઈ કેશવાલાનો સોગંદ ઉપરનો પુરાવો આંક–૮૫

**ફરીયાદ પક્ષ તથા બચાવ પક્ષની દલીલ :**

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. સરકારી વકિલ શ્રી એસ.બી. જેઠવાએ પોતાની દલીલો કરતા જણાવેલ છે કે, આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુન્હાનો આક્ષેપ રહેલ છે. આ કામે બનાવ સમયે ભોગ બનનાર સગીર હતાં. આ કામે ભોગ બનનારના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સ્પષ્ટ રીતે સમર્થન પ્રાપ્ત થાય છે. ભોગ બનનારનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની સાથે બનેલ તમામ ઘટનાનું વિસ્તૃત વર્ણન પોતાના પુરાવામાં કરેલ છે અને આરોપી ધ્વારા કઇ રીતે સંપર્ક કેળવી અને દુષ્કૃત્ય આચરેલ છે તેની હકીકતો જણાવેલ છે અને ભોગ બનનારના ઉપરોકત પુરાવાને ફરીયાદી કે જેઓ ભોગ બનનારના પિતા છે તેના પુરાવાથી પણ સમર્થન મળે છે. વધુમાં આ કામે રજુ થયેલ અન્ય પુરાવાઓ તેમજ ભોગ બનનારના જન્મ અંગેનો દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા ભોગ બનનાર બનાવ સમયે સગીર હોવાની હકીકતો પુરવાર થાય છે. આરોપીએ ભોગ બનનાર સગીર વયના હોવા છતાં કહેવાતુ કૃત્ય કરેલ છે. આ કામે મેડીકલ એવીડન્સ તથા પોલીસ સાહેદના પુરાવાથી પણ ઉપરોકત હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. આમ ફરીયાદ પક્ષે મેડીકલ ઓફીસર તથા પોલીસ સાહેદ અને પંચનામા સ્વરુપના પુરાવાથી પોતાનો કેસ પુરવાર કરેલ છે. જેથી આરોપીને તકસીરવાન ઠરાવવા જોઈએ તેમ જણાવે છે.

(૯) જયારે આરોપી તરફે વિ. વકીલશ્રી જે. આર. ઓડેદરાએ દલીલ ના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

૧. દારહુપાહો વિ. સ્ટેટ ઓફ નાગાલેન્ડ અને બીજાઓ, ક્રિ.રી.અ. નં. ૯/૨૫ ગૌહાતી હાઈકોર્ટ, પેરા–૧૬, ૧૮,૨૦,૨૧
૨. સ્ટેટ ઓફ ગુજરાત વિ. પ્રતાપ પ્રમુરામ દેવાસી ક્રિ.મીસી. એપ્લી. નં. ૧૫૦૯૨/૨૦૨૨ પેરા–૭, ૮
૩. દશરથભાઈ પારુભાઈ ભાંભોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૨૪(૧) જી. એલ. આર. ૯૧ હેડનોટ
૪. સ્ટેટ (જી.એન.સી.ટી. ઓફ દિલ્હી) વિ. વિપીન ઉર્ફે લાલા (સુપ્રિમ કોર્ટ) ક્રિમીનલ અપીલ નં. ૯૪/૨૦૨૫ હેડનોટ, પેરા–૯
૫. ચંદુભાઈ અભેસીંગભાઈ ચૌહાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, પેરા–૮(૨), ૮(૩),
૬. ચૈતન્ય બર્મન વિ. સ્ટેટ ઓફ બંગાલ અને બીજાઓ ૨૦૨૧ લેટેસ્ટ કેસ લો, ૪૬૩૨ (કલકત્તા હાઈકોર્ટ) પેરા–૨૦,૨૧,૨૨
૭. ધ સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ વિ. સંજયકુમાર ૨૦૨૫ આઈ.એન.એસ.સી. ૫૬૧ (એસ.સી.) હેડનોટ

ઉપરોકત તમામ ચુકાદાઓ નમ્રતાપુર્વક વંચાણે લીધા તેમા વીકટીમની ઉંમર પુરવાર કરવા સબંધી છે તથા વિરોધાભાસી નિવેદનો સબંધી છે અને તેના પરીપ્રેક્ષ્યમાં આરોપીના વિ.વ. શ્રી જે.આર. ઓડેદરા એવુ જણાવે છે કે, ફકત વીકટીમનું બર્થ સર્ટી. રજુ કરી દેવા માત્રથી તે પુરવાર થયેલ ગણાય નહીં. વધુમાં તેઓ એ હકીકત પર ભાર આપે છે કે, આ કામે ભોગ બનનારના પિતાને આંક–૨૭ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની દિકરી ભોગ બનનાર સાથે સંભોગ થયેલાની હકીકતને સમર્થન કરતા નથી તે ધ્યાને લેવુ જોઈએ. ભોગ બનનાર તેમની જુબાનીમાં એવુ જણાવે છે કે, આઠમાં નોરતે આરોપી તેને ભગાડી લઈ ગયેલો પરંતુ ફરીયાદ મુજબ બનાવ

તા. ૧૯–૧૦–૨૪ ના રોજનો છે. તેમાં પણ તફાવત જણાય છે તેવી તેમની દલીલ છે અને જેથી પણ ફરીયાદવાળો બનાવ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલા નથી. તથા મેડીકલ એવીડન્સ પણ ફરીયાદ હકીકતને સપોર્ટ કરતા નથી. તે સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ.

(૧૦) આ કામે ઉપરોકત હકીકતે બંને પક્ષકારો તરફેની દલીલો તેમજ રજુ થયેલ રેકર્ડ અને પુરાવાઓ આધારે આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગ બનનાર બનાવના દિવસે બાળકી હતી એટલે કે સગીર વયની હતી ?

(૨). શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે આ કામના આરોપીએ ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ–બનનારને તા. ૧૯–૧૦–૨૪ ના રોજ કલાક ૧–૦૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે શીશલી ગામ, શીંગડા પાટીયા પાસે વાડી વિસ્તારથી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી કડેગી ગામે લઈ જઈ ભોગ બનનારને લલચાવી, ફોંસલાવી લગ્ન કરવાની લાલચ આપી તેણી સાથે તેણીની ઈચ્છા અને મરજી વિરુધ્ધ ભોગ–બનનાર સાથે શરીર સબંધ બાંધેલ અને બળાત્કાર કરેલ અને તેમ કરીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૩). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણી સાથે પ્રવેશ જાતીય હુમલો તથા ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો કરે અને તેમ કરી ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ ૨૦૧૨ની કલમ– ૪, ૬, ૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૪). શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**: નિ ર્ણ યો :**

૧). મુદા નં. ૧ હકારમાં

૨). મુદા નં. ૨ હ કારમાં

૩). મુદા નં. ૩ હ કારમાં

૪). આખરી હુકમ મુજબ.

(૧૨) ઉપરોકત મુદાના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**<u>મુદા નં. ૧ :–</u>**

**ભોગ બનનારની ઉંમર અંગેનો પુરાવો :**

(૧૩) હાલના કિસ્સામાં ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનાર એક બાળકી છે. પોકસો એકટની કલમ–૨(ડી) મુજબ બાળકની વ્યાખ્યા

આપવામાં આવેલ છે જે મુજબ બાળક એટલે, અઢાર વર્ષની ઉંમર પૂરી ન કરી હોય તેવી કોઇ વ્યકિતને 'બાળક' કહેવાય છે.

(૧૪) ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનારની જન્મ તારીખ ૨૧–૧૦–૨૦૧૧ છે. આ સંદર્ભે પડેલ પુરાવો ધ્યાને લઇએ તો ફરીયાદ પક્ષે ભોગ બનનારને આંક–૨૨ થી તપાસેલ છે. તેમણે પોતાના પુરાવામાં પોતાની જન્મ તારીખ ૨૧–૧૦–૨૦૧૧ ની હોવાનું જણાવે છે અને આંક–૨૩ થી જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે.

(૧૪.૧) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ભોગ બનનારના પિતાનો પુરાવો વંચાણે લેતા તેઓએ તેમના પુરાવામાં ભોગ બનનારની જન્મ તારીખ ૨૧–૧૦–૨૦૧૧ ની હોવાનું જણાવેલ છે.

(૧૫) ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો ભોગ બનનારે તેમના પુરાવામાં પોતાની જન્મ તારીખ ૨૧–૧૦–૨૦૧૧ ની હોવાનું જણાવેલ છે એવી જ રીતે ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા તેઓ પણ ભોગ બનનારની ઉંમર ૧૩ વર્ષની હોવાનું જણાવે છે. આ કામે ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર કે જે આંક–૨૩ થી રજુ થયેલ છે. તેમાં ભોગ બનનારની જન્મ તારીખ ૨૧–૧૦–૨૦૧૧ ની દર્શાવેલ છે. ભોગ બનનારનો પુરાવો વંચાણે લેતા તેઓએ પણ પોતાની જન્મ તારીખ ૨૧–૧૦–૨૦૧૧ ની હોવાનું જણાવેલ છે. ભોગ બનનારની સદર જન્મ તારીખ નહી હોવા બાબતે કોઇ પુરાવો રેકર્ડ પર બચાવપક્ષ તરફે આપવામાં આવેલ નથી. ભોગ બનનારની જન્મ તારીખ બાબતે તેઓને ઉલટ તપાસમાં કોઇ પ્રશ્નો પુછવામાં આવેલ નથી. જેથી સદર ભોગ બનનારની જન્મ તારીખ ૨૧–૧૦–૨૦૧૧ હોવાનું માની શકાય અને સદર જન્મ તારીખ ન હોવા સબંધે કોઇ પુરાવો બચાવપક્ષ તરફે રેકર્ડ પર લાવવામાં આવેલ નથી તેમજ ઉલટ તપાસમાં સદર

પુરાવા બાબતે કોઈ પ્રશ્નો પુછેલ ન હોય સદર જન્મ તારીખ અંગે કોઈ તકરાર પણ લેવામાં આવેલ નથી અને ગર્ભિત રીતે બચાવપક્ષે ભોગ બનનાર સદર જન્મ તારીખ સ્વીકૃત હોવાનું જણાય છે. તેમ છતાં સાથેસાથે ભોગ બનનારની ઉંમર બાબતે કાનુની પ્રબંધો કરવામાં આવેલ છે અને નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા જે સિધ્ધાંતો આ મુદ્દા બાબતે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તેની અત્રે નોંધ કરવી જરુરી છે જે નીચે મુજબ વાાંચી શકાય છે.

Section 94(2) Juvenile Justice Act Description

2. In case, the reasonable committee grounds for or the doubt Board as regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the process case of may age be, shall undertake determination, by the seeking evidence by obtaining --

(i) the date of birth certificate from the school, or the equivalent concerned available matriculation certificate examination; and in or from the Board, if the absence thereof ;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat ;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the Committee or the orders Board of the shall be completed within fifteen days from thedate of such order.

ઉપરોકત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ-૯૪ ના કાનુની પ્રબંધો ધ્યાને

લેતા હવે તેની સાથે પોકસો એકટની કલમ–૩૪ ના કાનુની પ્રબંધો પણ ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ વાંચી શકાય છે.

**SECTION :- 34**

Procedure in case of commission of offence by child and determination of age any under by Special Court.-

(1) Where offence this Act is committed by a child, such child shall be dealt with under the provisions of the [the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 (2 of 2016)

(2) If any question arises in any proceeding before the Special Court whether a person is a child or not, such question shall be determined satisfying by the itself Special court about the age of after such person and it shall record in writing its reasons for such determination.

(3) No order made by the Special Court shall be deemed to be invalid merely by any subsequent proof that the age of a person as determined by it under sub-section (2) was not the correct age of that person.

હવે ઉપરોકત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ અને પોકસો એકટની કલમ–૩૪ ના કાનુની પ્રબંધો ધ્યાને લેતાં તેમાં અનુક્રમે જુવેનાઈલ અને વિકટીમની ઉંમર નકકી કરવા બાબતે કાનુની પ્રબંધો ઠરાવવામાં આવેલ છે. હવે આ બાબતે આ મુદ્દાસર નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે પણ અત્રે ધ્યાને લેવા જરૂરી છે.

જેમાં સર્વ પ્રથમ  નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ૨૦૧૩ (૭) એસ .સી.સી. ૨૬૩ જરનેલ સીંઘ વિરુદ ધ સ્ટેટ ઓફ હરીયાણાનો ચુકાદો ઘ્યાને લેતાં તેમા નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ ઠરાવેલ છે કે,

20. On the issue of determination of age of a minor, one only needs to make a reference to Rule 12 of the Juvenile Justice (Care and Protection (hereinafter Rules). been The framed Juvenile of Children) referred aforestated under Justice to as 2007 Section (Care Rules, and 2007 the 2007 Rules have 68(1) of Protection the of Children) Act, 2000. Rule 12 referred to hereinabove reads as under :

"12. Procedure to be followed in determination

of Age.-

(1) a child or a In every case concerning juvenile in conflict with law, the court or the Board case age of as the may be the Committee referred to in rule 19 of these rules shall determine the such juvenile or child or a juvenile in conflict with law within a period of thirty days from the date of making of the application for that purpose.

(2) The court or the Board or as the case máy be the Committee shall the decide the juvenility or otherwise of the juvenile or the child Ol as case may be the juvenile in conflict with law, prima facie on the basis of physical appearance or documents, if available, and send him to the

observation home or in jail.

(3) In every case concerning a child OI the age juvenile in conflict with law, determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining

(a) (1) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

the (b) and only in the absence of either (i)., (ii) or (iii) of clause (a) above, medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact [assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child juvenile by considering his/her age on lower side within the margin of one year. or or the and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, medical opinion, as the case may be, record a finding in respect of his age and either of

the evidence specified in any of the clauses in the (a) (i), (11), (111) absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

on (4) If the age of a juvenile or child or the juvenile in conflict with law is found to be below 18 years on the date of offence, the basis of any of the conclusive proof specified in sub-rule (3), the court or the Board or as the case may be the Committee shall in writing pass an order stating the age and declaring the status of juvenility or otherwise, for the purpose of the Act and these rules and a copy of the order shall be given to such concerned. juvenile or the person I (5)Save and except where, further inquiry or otherwise is required, inter alia, in terms of section 7A, section 64 of the Act and these rules, no further inquiry shall be conducted by the court or the Board after examining and obtaining the certificate or any other documentary proof referred to in sub-rule (3) of this rule.

(6)The provisions contained in this rule shall also apply to those disposed off cases, where the status of juvenility has not been determined in accordance with the provisions contained in sub-rule(3) and the Act, requiring dispensation of the sentence under the Act for passing appropriate order

in the interest of the juvenile in conflict with law."

Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, we are of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even for a child who is a victim of crime. For, in our view, there is hardly any difference in so far as the issue of minority is concerned, between a child in conflict with law, and a child who is a victim of crime. Therefore, in our considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, determine the age prosecutrix VW-PW6. The manner determining age conclusively, has been to expressed in extracted provision, of sub-rule (3) of Rule Under of the a the of 12 aforesaid child is above. the age ascertained, by adopting the first available basis, out of a number of options postulated in Rule 12 (3). If, in the scheme of options under Rule 12(3), an option is expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would conclusively determine the age of a minor. the Rule 12(3), matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied

upon. Only in the absence of the said certificate, Rule In scheme of 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. the date of In case such an entry of date of birth is available, birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon. only in the absence of such entry, Rule 12(3) postulates reliance on a birth certificate issued by a corporation or a municipal authority or a panchayat. Yet again, if such a certificate is available, then no other material whatsoever is to be taken into consideration, for determining the age of the child concerned, as the said certificate would conclusively determine the age of the child. It is only in the absence of any of the aforesaid, that Rule 12 (3) postulates the determination of age of the concerned child, on the basis of medical opinion.

ત્યારબાદ નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના તાજેતરનો ચુકાદો 2023 (0) AIDEL-SC 71210 SUPREME COURT, Criminal Appeal No1898 of 2023, P. Yuvaprakash Versus Rep. By Inspector Of Police ના ચુકાદામાં આ બાબતે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લઈએ તો નામદાર સુપ્રિમકોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે,

POCSO determination of age only in absence of birth certificate, age shall be determined by ossification test or

any other latest medical age determination test conducted on orders of Committee or Board.

(a) Juvenile Sustice (Care and Protection S. 94 Protection of Children) Act, 2015 of Children from Sexual Offences, Act, 2012 test S. 10, 34 Indian Penal Code, 1860 S. 350, 351, 366, 506 determination of age of victim under POCSO Act ossification wherever dispute with respect to age of a person arises in context of her or him being a victim under POCSO Act, courts have to take recourse to steps indicated in S. 94 of JJ Act S. 94 (2) (iii) of JJ Act clearly indicates that date of birth certificate from school or matriculation or equivalent certificate by concerned examination board has to be firstly preferred in absence of which birth certificate issued by Corporation OΣ Municipal Authority or Panchayat and it is only thereafter in absence of these such documents age is to be determined through "an ossification test" or "any other latest medical age determination test" conducted prders of concerned authority, i.e. Committee or Board or Court. (Para 13,14)

આમ કાયદાના ઉપરોકત પ્રબંધો તથા નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા ફરીયાદપક્ષે ભોગ બનનારની જન્મ તારીખ પુરવાર કરવા માટે ભોગ બનનારના પુરાવામાં ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર કે જે આંક–૨૩ થી રજુ કરવામાં આવેલ છે તેમાં પણ ભોગ બનનારની જન્મ તારીખ ૨૧–૧૦–૨૦૧૧ છે. આમ ભોગ બનનારની જન્મ

તારીખ ૨૧–૧૦–૨૦૧૧ હોવાનું પુરવાર થાય છે. સદર કેસમાં બનાવ તા. ૧૯–૧૦–૨૦૨૪ ના રોજ બનેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે. જેથી ફરીયાદની તારીખે સદર ભોગ બનનારની ઉંમર ૧૨ વર્ષ ૧૧ માસ અને ૨૯ દિવસની હોવાનું પુરવાર થાય છે. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતાં તેવી હકીકતો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે. **જેથી મુદા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

**મુદા નં. ૨ થી ૩ :**

(૧૬) આ કામમાં ફરીયાદ પક્ષના આક્ષેપિત બનાવ અંગેની સાચી અને ખરી હકીકતોનો સૌથી સારો પુરાવો ફકત ભોગ બનનાર જ આપી શકે. આ હકીકતના સંદર્ભમાં ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૨૨ થી ભોગ બનનારને તપાસેલ છે. ભોગ બનનારનો પુરાવો વંચાણે લેતા જણાવે છે કે, હું મોબાઈલ વાપરતી હતી. મારા મોબાઈલ નંબર અત્યારે મને યાદ નથી. મોબાઈલમા હું વોટસઅપ, ઈન્સ્ટ્રાગ્રામ, ફેસબુક, સ્નેચ વિગેરે વાપરતી હતી. આ મોબાઈલમાં ઈન્સ્ટ્રાગ્રામમમાં હું વાના કડીગયા(આરોપી) સાથે પરીચય થયેલ હતો. પરીચય થયા પછી અમો બંને વોટસઅપ અને ઈન્સ્ટ્રાગ્રામમમાં વાતોચીતો કરતા હતા અને કયારેય કયારેક વિડીયોકોલ કરતા હતા. તેનો સાદો ફોન સવાર બપોર સાંજ આવતો હતો. આઠમા નોરતાના દિવસ ` તેને મળવા માટે અમારા ઘરની બહાર શીશલી મળવા માટે બોલાવેલ અને તે દિવસે હા હું મળવા ગયેલી અને પછી તેને મને તેના મો.સા.માં બેસાડી તેના ઘરે કડેગી ગામે લઈ ગયેલ ત્યા અમો પોણા પાંચ વાગ્યે કડેગી પહોંચયા. ત્યા તેના ઘરે કડેગી ગામે આરોપીના મમ્મી પપ્પા હતા. પછી

આરોપીએ મારી સાથે તેના ઘરે શરીર સંબંધ જબરજસ્તીથી બાધ્યો. પછી સવારે સાડા નવ વાગ્યાની આસપાસ તેના માસીના દિકરાના ઘરે કુતિયાણા ગયેલા. ત્યાં ઈ તેના મોહીચાઈ ભાઈ સાથે સુતો હતો અને હું તેની મોહીચાઈની વહુ સાથે સુતી હતી. ત્યાં કુતિયાણા એક રાત રોકાયેલ. ત્યાથી સવારે પોણા ચાર જેવુ થયેલ ત્યારે એરડા જતા હતા ત્યા રાણાવાવ પોલીસે અમને પકડી લીધેલ. પછી ત્યાંથી મારી મમ્મી તથા પપ્પાને ફોન કરેલ અને કહેલ કે, બગવદર પોલીસ સ્ટેશને આવવા જણાવેલ. ારી સાથે શરીર સંબંધ બાધેલ તે એક વાર થયેલ. આ શરીર સંબંધ મારી મરજીથી થયેલ નહી તેમ જણાવી આંક–૨૪ થી સી.આર.પી.સી. કલમ–૧ ૬૪ અન્વયેનું નિવેદન રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસ દરમિયાન જણાવેલ છે કે, મને લખતા વાંચતા આવડે છે. બનાવ બનેલ ત્યારે મારા મમ્મી અને પપ્પાના છુટાછેડા થઈ ગયેલ હતા. એ વાત ખરી છે કે, તે વખતે હું મારા આતાને ત્યાં ફટાણા ગામે રહેતી હતી. એ વાત ખરી નથી કે, મારા મમ્મીના  છુટાછેડા થવા માટે મારી મમ્મીના બીજે સંબંધ હોવાને કારણે છુટા થયેલા. એ વાત ખરી છે કે, આ છુટાછેડા થયેલ તેમા મારી કસ્ટડી મારી મમ્મી પાસે રાખવાની હતી. એ વાત ખરી છે કે, મારી તમામ જવાબદારી મારી મમ્મીની હતી. એ વાત ખરી છે કે, હું અને વાના ઉર્ફે વનરાજ કડેગીયા અગાઉ મોબાઈલ ફોન તથા ઈન્સ્ટ્રાગ્ર ામ ઉપર વાતચીત કરતા હતા. એ વાત ખરી છે કે, હું પણ સામેથી આરોપી વનરાજને મેસેજ કરતી અને ફોન કરતી હતી. વનરાજ મને ઘણી વખત સામેથી

વિડીયોકોલ કરતો હતો. એ વાત ખરી છે કે, મારા મમ્મી અને પપ્પાના ડાયવોર્સ થઈ ગયેલ છે. એ વાત ખરી નથી કે, મારા મમ્મીના ડાયવોર્સ એટલા માટે થયેલ કે તેના બીજા સાથે સંબંધ હતા. મારા પપ્પા મમ્મી વચ્ચે ડાયવોર્સ બાદ મારે કોની સાથે રહેવાનું તે નકકી થયલ છે અને તે મુજબ મારે મારી મમ્મી સાથે ફટાણાા ગામે રહેવાનું છે. ફટાણા ગામે મારી મમ્મી સાથે બીજુ મારા મામા, મામી, મારા દાદા, દાદી રહેતા હતા. હાલ હું કોર્ટમાં આજે મમ્મી, પપ્પા અને મામા અને દાદા સાથે આવેલ છુ. મારા પપ્પાનું નામ લક્ષ્મણભાઈ છે જે મારી સાથે આવેલ છે. એ વાત ખરી નથી કે, આજે કોર્ટમાં શું જુબાની આપવાની છે તે મારા પપ્પા લક્ષ્મણભાઈએ સમજાવેલ છે. લક્ષ્મણભાઈ સાથે મારી મમ્મીના બીજા લગ્ન છે. એ વાત ખરી છે કે, બનાવ બનેલ ત્યારે મારી સ્કુલ ચાલુ હતી અને હું ફટાણા મુકામે અભ્યાસ કરતી હતી. મારી સ્કુલનો આવવા–જવાનો સમય સવારે ૭ થી દોઢેક વાગ્યા સુધીનો હતો. મારે અને આરોપીને ફોન પર મેસેજમાં દોઢેક મહીનાથી વાતચીત થતી હતી. એ વાત ખરી નથી કે, આ વાતચીત કરતા હતા તેને કારણે મારે વનરાજ સાથે પ્રેમ થઈ ગયેલ. એ વાત ખરી છે કે, આઠમાં નોરતાના દિવસે તેને મળવા માટે અમારા ઘરની બહાર શીશલી ગામે મળવા માટે બોલાવેલ અને તે દિવસે હા હું મળવા ગયેલી અને પછી તેને મને તેના મો.સા.મા બેસાડી તેના ઘરે કડેગી ગામે લઈ ગયેલ તેવું તમારા નિવેદનમાં કે જજ સાહેબના નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી સવાર, બપોર, સાંજ સાદો ફોન કરતો તેવું પોલીસ નિવેદન કે જજ સાહેબ સમક્ષના નિવેદનમાં લખાવેલ નથી. મારા

મમ્મીને મારા પપ્પા વિરમભાઈ સાથે છુટાછેડાને બે વર્ષ જેટલો સમય થયેલો. એ વાત ખરી નથી કે, બનાવ બનેલ ત્યારે હું ફટાણા મુકામે હાજર હતી. બનાવ બનેલ ત્યારે હું શીશલી મારા પપ્પા વિરમભાઈના ઘરે હાજર હતી. ફટાણા ગામ અને શીશલી વચ્ચે ૧૫–૨૦ કી.મી.અંતર છે. શીશલી મુકામે મારા પપ્પાના ઘરે હતી ત્યાં મારા પપ્પાના ઘરની આજુબાજુ બીજા ઘણા ઘરો આવેલ છે. એ વાત ખરી છે કે, બનાવના દિવસે મારા મમ્મી મારા નાના નાની સાથે ફટાણા ગામે હતા. એ વાત ખરી નથી કે, મારી જન્મ તારીખ મારા મમ્મી–પપ્પાએ કહેલ. બનાવ બનેલ પછી પોલીસે મારી પોલીસ સ્ટેશને હાજર ગથેલ પછી પુછપરછ કરેલ હતી. મારી પુછપરછ પોલીસે પોલીસ સ્ટેશને કરેલી ત્યાં મારી સાથે મારા પપ્પા, મારા મોટાબાપા અને મારા ભાઈ તથા મારા આતા શીશલીથી તથા મારા ભાઈ હતા અને પોલીસના માણસો જેમા લેડીસ અને જેન્સ પોલીસ પણ હતી. એ વાત ખરી છે કે, પોલીસે મારી પુછપરછ કરી ત્યારે પોલીસ અને મારા ઘરના સભ્યો સિવાય બીજા કોઈ હાજર ન હતા. મારૂ નિવેદન લીધેલ ત્યારે પોલીસે તેનો ડ્રેસ પહેરેલ ન હતો. એ વાત ખરી નથી કે, પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે પોલીસે મારી પુછપરછ કરેલ ત્યાર પછી પોલીસ ે મને કયારેય બોલાવેલ નથી. મને રાણાવાવ પોલીસ સ્ટેશને બોલાવેલ. મને નિવેદન લેવા માટે જ બોલાવેલ અને નિવેદન લીધેલુ. એ વાત ખરી છે કે, રાણાવાવ નિવેદન લીધેલ ત્યાર પછી પોલીસે અમોને કયારેય બોલાવેલ નથી કે, નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, જજ સાહેબ પાસે આવેલ ત્યારે મારા મમ્મી અને પોલીસ સાથે હતી. એ વાત ખરી નથી કે, મારા મમ્મીએ કહેલ તે પ્રમાણે જજ સાહેબ સમક્ષ નિવેદન લખાવેલ.

બનાવ સમયે જયારે આરોપીના ઘરે કડેગી પહોંચેલ ત્યારે આરોપીના મમ્મી પપ્પા હાજર હતા. એ વાત ખરી છે કે, કડેગીમાં આજુબાજુમાં રહેણાંક વિસ્તાર છે અને બીજા મકાનો પણ આવેલા છે. એ વાત ખરી છે કે, આરોપીએ મારી સાથે તેના ઘરે જબરજસ્તીથી શરીર સંબંધ બાઘેલ ત્યારે તમે દેકારો, કે રાડા રાડી કરેલ કે બનાવની વાત કરેલ હોય કે વનરાજના મમ્મી પપ્પાને કીધેલ હોય તેવું બનેલ નહી. એ વાત ખરી છે કે, આરોપી તેના ઘરે લઈ ગયેલ ત્યારે વનરાજના મમ્મી પપ્પાને કહેલ નહી કે, આ વનરાજ મને બળજબરીથી લઈ આવેલ છે. સાડા નવ વાગ્યાની આસપાસ કુતિયાણા આરોપીના માસીના દિકરાને ત્યા રોકાયેલા ત્યાં આરોપી વનરાજે મારી સાથે બળજબરીથી શરીર સંબંઘ બાઘેલ કે મને જબરજસ્તીથી લઈ આવેલ તેવી કોઈ વાત મે ત્યાં રહેલા લોકોને કહેલ નથી. માસીને ત્યાં વનરાજ મને લઈ ગયેલ ત્યાં તેના ઘરે શરીર સંબંઘ બાઘેલ નહી. આરોપીના માસીના છોકરા મેરૂભાઈને ત્યાં ગયેલ ત્યાં પણ બનાવ અં ગે વાત કરેલ નહી. આરોપીના માસીના ઘરે એરડા ગામે ગયેલ ત્યાં પણ બનાવ અંગે વાત કરેલ નહી. એ વાત ખરી નથી કે, આરોપીએ મારી સાથે કયારેય પણ શરીર સંબંઘ બાઘેલ નથી. એ વાત ખરી નથી કે, કહેવાતો કોઈ બનાવ બનેલ ન હોય પરંતુ મારા માતા અને પિતા લખમણભાઈના કહેવાથી ખોટી જુબાની આપુ છુ.

(૧૭) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં. ૨ તરીકે ફરીયાદી વિરમભાઈ રાજશીભાઈ મોઢવાડીયાને આંક–૨૭ થી તપાસવામાં આવેલ છે.

સદર ફરીયાદી તેમના પુરાવામાં જણાવે છે કે, હું મોબાઈલ વાપરૂ છુ, મારા નં .૯૭૨૪૭૨૬૦૪૭ છે. મારા લગ્ન અંદાજે ૧૬ વર્ષ પહેલા મંજુબેન સાથે લગ્ન થયેલા હતા. આ લગ્ન થી મારે દિકરીનો જન્મ થયેલો. જેની ઉમર હાલ આશરે ૧૩ વર્ષ જેટલી છે. આજથી એક વર્ષ પહેલા મં જુબેન સાથે મારે છુટાછેડા થઈ ગયેલા છે અને મારી ભોગબનનાર દિકરી તેની મમ્મી મંજુબેન સાથે ફટાણા ગામે રહેતી હતી. તે અમારા ગામમાં સાતમાં ધોરણમાં ભણવા જતી હતી તે મારા ઘરે એક વખત આવેલી હતી. આજથી એકાદ વર્ષની અંદર આ ભોગબનનાર મારી દિકરી મારા ઘરે શીશલી ગામે આવેલી હતી અને ત્યારે તે રોકાણી પણ હતી.

ત્યારે કોઈ તહેવારો ન હતા. મારી ભોગબનનાર દિકરીએ મને કહેલ કે એક છોકરો મને મળવા આવે છે. તેને મને સાંજે વાત કરતાં મે તેને કહેલ કે, સુઈ જા નહીતર એક ઠપાટ મારીશ પછી અમો સુઈ ગયેલ. રાત્રે એક દોઢ વાગ્યાના અરસામા મે ઉઠીને જોયેલ તો આ મારી ભોગબનનાર દિકરી હતી નહી અને મારી પાછળ મારા ભાઈ રહે છે તેના દિકરા રમેશને ફોન કરીને મારા ઘરે બોલાવેલો અને મે તથા મારા ભત્રીજાએ ભોગબનનારને મો.સા. લને આજુબાજુમાં ગોતેલી પરંતુ મળેલ નહી. સવારે અમારા સગા વહાલામાં પણ તપાસ કરેલી, સગા વહાલામાં પણ મારી ભોગબનનાર દિકરી મળી આવેલ નહી. પછી બગવદર પોલીસ સ્ટેશનમાં અમે જાણ કરેલી. આ અંગે મે પોલીસમાં ફરીયાદ આપેલી તેમ જણાવે છે અને આંક–૨૮ થી ફરીયાદ રજુ કરેલ છે. બીજા દિવસે મારી ભોગબનનાર દિકરી મારા ઉપર ફોન આવેલો અને કહેલ કે બાપા

મને ગોતજોમાં હું છોકરા ભેગી ભાગી ગયેલ છુ. પછી બીજા દિવસે મેર કાઉન્સીલમાં મારી ભોગબનનાર દિકરી અને છોકરો હાજર થયેલા. ત્યાંથી ફોન આવેલ પરંતુ મે કીધેલ કે અમે ફરીયાદ કરેલ છે તેથી લેવા નહી આવીએ. પછી આ બંને બગવદર હાજર થયેલ અને બગવદર પોલીસ સ્ટે.ને ગયેલો. ત્યાંથી તેની મમ્મી ભેથી ગયેલી. બનાવ બાબતે મારી ભોગબનનાર દિકરીએ વાત થયેલ નહી.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, મારે અને મારી પત્નીને બંનેને છુટાછેડા થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે બંને પતિ પત્નીને છુટાછેડા માટે લખાણ થયેલ છે. એ વાત ખરી છે કે, આ લખાણ થયેલ તેમાં ભોગબનનાર દિકરીની કબજો મારી પત્નીએ રાખવાનો હતો. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરી ફટાણા મુકામે મારી પત્ની સાથે રહેતી હતી. એ વાતની મને ખબર નથી કે, મારી ભોગબનનાર દિકરી અમો છુટાછેડા થઈ ગયેલ પછી કઈ જગ્યાએ અભ્યાસ માટે જતી હતી. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરી ગુમ થઈ ગયેલ તેની ફરીયાદ અમોએ કરેલી. મને એ વાતની ખબર નથી કે, મને કહેલ કે એક છોકરો મને મળવા આવે છે. તેને મને સાંજે વાત કરતાં મે તેને કહેલ કે, સુઈ જા નહીતર એક ઠપાટ મારીશ પછી અમો સુઈ ગયેલ તે મારી ફરીયાદમાં લખેલ કે કેમ. મને વાંચતા લખતા આવડતુ નથી. એ વાત ખરી છે કે, બગવદર પોલીસ સ્ટેશનમાં પોલીસે સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલ. એ વાત ખરી છે કે, આ ફરીયાદમાં શું લખાણ કરેલ હતુ તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે, મે મારી પોલીસ રૂબરૂની ફરીયાદમા એવી

હકિકત લખાવેલ કે, સવારે અમારા સગા વહાલામાં પણ તપાસ કરેલી, સગા વહાલામાં પણ મારી ભોગબનનાર દિકરી મળી આવેલ નહી.  પછી બગવદર પોલીસ સ્ટેશનમાં અમે જાણ કરેલી. એ વાતની મને ખબર નથી કે, મે મારી પોલીસ રૂબરૂની ફરીયાદમા એવી હકિકત લખાવેલ કે, બીજા દિવસે મારી ભોગબનનાર દિકરી મારા ઉપર ફોન આવેલો અને કહેલ કે બાપા મને ગોતજોમાં હું છોકરા ભેગી ભાગી ગયેલ છુ. પછી બીજા દિવસે મેર કાઉન્સીલમાં મારી ભોગબનનાર દિકરી અને છોકરો હાજર થયેલા. ત્યાંથી ફોન આવેલ પરંતુ મે કીધેલ કે અમે ફરીયાદ કરેલ છે તેથી લેવા નહી આવીએ. એ વાત ખરી છે કે મને એક જ વખત પોલીસ સ્ટેશને બોલાવેલ બીજી વખત બોલાવેલ નહી. એ વાત ખરી છે કે અમો જે દિવસે ફરીયાદ કરવા ગયેલ તે દિવસે પોલીસ સ્ટેશને ગયેલ તે પછી કયારેય પોલીસ સ્ટેશને ગયેલ નથી કે પોલીસે પુછપરછ કરેલ નથી. કોર્ટ દવારા સવાલ :–નવરાત્રી દરમ્યાન મારી દિકરીએ મને રાત્રીના સમયે મને વાત કરેલ હતી કે, '' મારે કુતિયાણાના કડેગી ગામના વાના કડેગીયા સાથે મિત્રતા છે તે મને મળવા આવવાનો છે તેમ ફોન આવેલ છે '' આવુ તમારી ફરીયાદમાં લખાવેલ ? જવાબ :– કદાચ લખાવેલ હશે પણ યાદ નથી. કોર્ટ દવારા સવાલ :– જેથી મને આ વાના કડેગીયા ઉપર શંકા જતા મે મારા સગા સંબંધીઓ મારફત આ વાના કડેગીયાની તપાસ કરાવતા તેથી તે પણ ઘરે નથી અને ફોન આવેલ તેથી મને નકકી થઈ ગયેલ કે, આ વાના કડેગીયા બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયેલ ? જવાબ : સાહેબ મે એવું લખાવેલ નથી. કોર્ટ દવારા સવાલ :– આરોપીને વીસી મારફત આરોપીને  બતાવવામાં આવે છે શું તમે તેને ઓળખો

છો ? જવાબ : સાહેદ અંદાજ નથી આવતો.

(૧૮) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં. ૩ મેડિકલ ઓફિસર ડો. રાજેશભાઈ કરશનભાઈ સોલંકીને આંક–૩૦ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મેડી. ઓફિસર તરીકે સી.એચ.સી. અડવાણા ખાતે હાજર હતો તે દરમ્યાન સીપીઆઈ રાણાવાવ તરફથી બગવદર પો.સ્ટે. ગુ.ર. નં. પાર્ટ–એ– ....૫૮૯/૨૪ ના કામના ભોગ બનનારની મેડીકલ તપાસણી તથા નમુના લેવા માટે તેમજ ભોગ બનનાર સાથે સંભોગ થયેલ છે કે કેમ તેમજ ભોગ બનનારને પ્રેગ્નેન્સી છે કે કેમ ? તેની યાદી સાથે એસ.બી. ખુંટી (ડબલ્યુ પી.સી.) બ.નં. ૭૭૯ લાવેલા. પ્રથમ ભોગ બનનારનો ઓ.પી.ડી. કેસ પેપર કાઢવામાં આવેલ. ભોગ બનનાર સ્થળ સ્થિતિથી સંપુર્ણ સભાન હતા ત્યારબાદ તેની મેડીકલ તપાસણી અને નમુના લેવા માટે સંમતિ માટે મારા રૂબરૂ અંગુઠાનુ નિશાન કરી આપેલ તેમજ તેના વાલી તરીકે તેણીની માતા મંજુબેન રાણાભાઈ ઓડેદરાએ પણ મારા રૂબરૂ અંગુઠાનુ નીશાન કરી આપેલ. તેમજ તેણીને લાવનાર ડબલ્યુ પી.સી. એસ.બી. ખુંટીએ પણ રૂબરૂ તરીકે સહી કરી આપેલ. જે હું ઓળખી બતાવુ છુ. ભોગ બનનારના ઓળખ ચિહ્ન તરીકે જમણી આંખ ઉપર જુના ઘાનુ નિશાન હતુ. ભોગ બનનારે પોતાની હીસ્ટ્રીમાં મારી સમક્ષ એવી હકિકત લખાવેલ કે '' તારીખ ૧૯/૧૦/૨૦૨૪ ના રોજ રાત્રે એક થી એક ત્રીસની વચ્ચે વના કડેગીયા અમારી વાડીએ આવેલ ત્યાંથી અમોને મોટર સાયકલમાં કડેગી ગામે પોતાના ઘરે લઈ ગયેલ, ત્યારબાદ તા. ૨૦/૧૦/૨૦૨૪ ના

રોજ સવારે નવથી દસ વાગ્યાની વચ્ચે કુતિયાણા વનાની માસીના દીકારના ઘરે લઈ ગયેલ ત્યાંથી બીજા દિવસે વહેલી સવારે ચાર વાગ્યે એરડા ગામે વનાની માસીના દીકરાની ઘરે લઈ ગયેલ ત્યાંથી બપોર બે વાગ્યે રાણાવાવ પોલીસ સ્ટેશન આવવા માટે નિકળેલ, આ સમય દરમિયાન મારી સાથે બે વાર કડેગી ગામે મારી મરજી વિરૂધ્ધ સંબંધ બનાવેલ '' ત્યારબાદ ભોગ બનનારની શારીરિક તપાસણી કરતા તેના વાઈટલ નોર્મલ જણાયેલ તેણીના શરીર પર પ્રાઈવેટ ભાગ પર કોઈ ઈજાના નિશાન જણાયેલ ન હતા. તેણીના સેકેન્ડરી સેકસુઅલ કેરેકટર વિકસીત હતા. તેણીના કપડા ઉપર કોઈ જાતના ડાઘના નિશાન જણાયેલ ન હતા. તેણીનુ હાઈમેન ર પ્ચર્ડ(તુટેલુ) હતુ. માસિકની હીસ્ટ્રી લેતા છેલ્લા માસિકની તા. ૮/૧૦/ર૪ હતી. ભોગ બનનારના નીચે મુજબના સેમ્પલો લીધેલા. (૧) બ્લડસેમ્પલનો નમુનો (ર) લાળનો નમુનો (૩) ગુપ્ત ભાગના વાળનો નમુનો (૪) બગલના વાળનો નમુનો (પ)વર્જાઈલ સ્વેબનો નમુનો આ નમુનાઓ સીલ કરી લેબલ લગાડી તે અંગેનુ ર–બી ફોર્મ ફીલઅપ કરી ભોગ બનનારને લાવનાર ડબલ્યુ પી.સી. એસ.બી. ખુંટી બ.નં. ૪૭૯ ની સહી લઈ સોંપી આપેલ. ત્યારબાદ ભોગ બનનારની વધુ તપાસણી માટે સ ્ત્રી–રોગ નિષ્ણાંત એમ.આર. લેડી હોસ્પીટલ પોરબંદર ખાતે રીફર કરેલા. ભોગ બનનારે આપેલ હીસ્ટ્રી તથા મે કરેલ મેડીકલ તપાસણી પરથી ભોગ બનનાર સાથે સંભોગ થયેલો જણાયેલ.

ત્યારબાદ તા. ર૩/૧૦/ર૦ર૪ ના રોજ અમારી ફરજ પર હાજર હતો ત્યારે આ ગુનાના આરોપી વના ઉર્ફે વનરાજ ભીમાભાઈ કડેગીયા

ઉ.વ.૨૦, રહે. કડેગી ગામ વાળાને મેડીકલ તપાસણી તથા નમુના લેવાની યાદી સાથે એ.એસ.આઈ. એચ.ડી. સીસોદીયા બ.નં. ૩૮૮ નાઓ લાવેલા. આરોપીનો એમએલસી કેસ કાઢવામાં આવેલ. આરોપી સ્થળસ્થિતિથી સભાન હતા અને તેના ઓળખ ચિહ્ન તરીકે ડાબા પગના અં ગુઠા પર જુનો ઘાનો નિશાન હતુ. તેઓએ મેડીકલ તપાસણી તથા સેમ્પલો આપવાની સંમતિ બદલ તેને મારા રૂબરૂ એમએલસી પેપર પર અંગુઠાનુ નિશાન કરી આપેલ. તેમજ તેઓને લાવનાર એ.એસ.આઈ. એચ.ડી. સીસોદીયાએ મારા રૂબરૂ સહી કરી આપેલ. જે હુ ઓળખી બતાવુ છુ. આરોપી વના ઉર્ફે વનરાજ ભીમા કડેગીયાએ મારી સમક્ષની હીસ્ટ્રી લખાવેલ કે '' તા. ૧૯/૧૦/૨૦૨૪ ના રોજ રાત્રે અંદાજે એક વાગ્યે શીશલી ગામે ભોગ બનનારની વાડીએ આવેલ ત્યારબાદ ભોગ બનનારની મરજીથી મોટરસાયકલમાં કડેગી ગામે સવારે છ વાગ્યે પહોચેલ ત્યાથી સવારે નવ વાગ્યે મોટરસાયકલમાં મારા માસીના દીકરાને ત્યાં કુતિયાણા ગયેલ અને બીજા દિવસે સવારે ચાર વાગ્યે એરડા ગામે માસીના દીકરાને ત્યાં ગયેલ. બપોરે ૧ ૨:૩૦ વાગ્યા સુધી ત્યાં રોકાયેલ અને ત્યારબાદ પોલીસ સ્ટેશન આવવા માટે નિકળી ગયેલ. આ સમગ્ર સમય દરમ્યાન ભોગ બનનારની મરજીથી ચાર વાર શારીરિક સંબંધ બનાવેલ''. આરોપીને તપાસતા તેના વાઈટલ નોર્મલ જણાયેલ તેના શરીર પર કે પ્રાઈવેટ પાર્ટ પર કોઈ ઈજાના નિશાન જણાયેલ ન હતા. તેના કપડા પર વીર્ય, લોહી કે ઉલટીના નિશાન જોવા મળેલ ન હતા. તેના સેકેન્ડરી સેકસુઅલ કેરેકટર વિકસીત જણાયેલ. તેનુ પેનિશ સંપુર્ણ વિકસીત, પીનાઈલ ઈરેકસન નોર્મલ અને સ્મેગ્મા એબ્સન્ટ જણાયેલ.

મે આરોપીના નીચે મુજબના નમુનાઓ લીધેલા. (૧) બ્લડ સેમ્પલનો નમુનો (૨) વીર્યનો નમુનો (૩) લાળનો નમુનો (૪)ગુપ્તભાગના વાળનો નમુનો (૫) પીનાઈલ વોસનો નમુનો આ નમુનાઓ સીલ કરી લેબલ લગાડી તે અંગેનુ ૨–બી ફોર્મ ફીલઅપ કરી આરોપી/દર્દીને લાવનાર એ. એસ. આઈ. એચ. ડી. સીસોદીયા, બ. નં.૩૮૮ ની સહી લઈ સોંપી આપેલ. આરોપીએ જણાવેલ હીસ્ટ્રી તથા તેની મેડીકલ તપાસણી પરથી કહી શકુ કે આરોપી સંભોગ કરવા માટે સક્ષમ હતા તેમ જણાવી તેઓએ કરેલ મેડીકલ તપાસણી અંગેની કાર્યવાહીના દસ્તાવેજો આંક–૩૧ થી ૩૮ સુધીના રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે જે દર્દીને મારી પાસે પોલીસ લઈ આવેલી તેનુ જે નામ લખાવેલ તેના વેરીફીકેશન માટે કોઈ આઈ.ડી. પ્રુફ મે જોયેલ નથી. એ વાત ખરી છે કે એમએલસી પેપર કાઢનારની સહી નથી. એ વાત ખરી છેકે હું પોકસો કેસની ગાઈડલાઈનથી માહિતગાર છુ. એ વાત ખરી નથી કે મે ભોગબનનારનુ મેડીકલ તપાસ કરી ત્યારે કોઈ લેડી મેડીકલ સ્ટાફ હાજર ન હતા. સાહેદ જણાવે છે કે સ્ટાફ નર્સ મધુબેન તે વખતે હાજર હતા. હવે હુ કહુ છુ કે સ્ટાફ નર્સની સહી નથી. એ વાત ખરી છે કે દર્દીએ આપેલ હીસ્ટ્રીની નીચે દર્દીની સહી નથી. એ વાત ખરી છે કે દર્દીના સેમ્પલ મે લીધેલા તે કેટલો અને કેવી રીતે મે લીધેલ તે મે જણાવેલ નથી. એ વાત ખરી છે કે જે સાધનોથી મે નમુનાઓ લીધેલા તે સાધનો મે પેક કરી મે પોલીસને તપાસ માટે આપેલા નથી. એ વાત ખરી છે કે ભોગ બનનાર સેકસુઅલી એકટીવ હતા. એ વાત

ખરી છે કે જે પુરૂષ દર્દીની મે તપાસ કરી તેની ઓળખ વેરીફીકેશન બાબતે કોઈ આઈ.ડી. પ્રૂફ લીધેલ નથી. એ વાત ખરી છે કે પુરૂષ દર્દીના સેમ્પલો લીધેલા તે કેટલી માત્રામાં લીધેલા તેની કોઈ નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે જે સાધનોથી મે નમુનાઓ લીધેલા તે સાધનો મે પેક કરી મે પોલીસને તપાસ માટે આપેલા નથી. એ વાત ખરી છે કે ભોગ બનનારનો પ્ર ગ્નેન્સી ટેસ્ટ મે કરેલો નથી. એ વાત ખરી છે કે હાઈમેન તુટવાના ઘણા કારણો હોઈ શકે. એ વાત ખરી નથી કે પોલીસ યાદી મુજબના સ્ત્રી દર્દીની મે કોઈ તપાસણી કરેલ નથી, પોલીસ  યાદી મુજબ મે મારી જાતે ફોર્મ ભરી અને પોલીસને આપેલ. એ વાત ખરી નથી કે પોલીસ યાદી મુજબ પુરૂષ દર્દીની મે કોઈ તપાસણી કરેલ નથી તેમજ મારી મુજબ જાતે ફોર્મ ભરી પોલીસને આપેલ.

(૧૯) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં.૪ ડો. નીલ ેષભાઈ સામતભાઈ મકવાણાને આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, ગઈ તા.૨૨/૧ ૦/૨૦૨૪ ના રોજ હું મેડીકલ ઓફીસર તરીકે ભાવસિંહજી હોસ્પીટલ ખાતે મારી ફરજ પર હતો ત્યારે એસ એસ ગામેતી, સીપીઆઈ રાણાવાવ તરફથી બગવદર પો.સ્ટે. પાર્ટ એ–૫૮૯/૨૪ ના કામના ભોગબનનારની મેડીકલ તપાસણી તથા ભોગબનનાર સાથે સંભોગ થયેલ છે કે કેમ તેમજ પ્ર ેગ્નન્સી છે કે કેમ તે માટે ડબલ્યુ એલ આર ક્રિષ્નાબેન ભાટુ, બકલ નં.૪૬૭ વાળા લાવેલા. ભોગબનનારનું પ્રથમ ઓ.પી.ડી કેસ કઢાવવામાં આવેલ. ભોગબનનાર સ્થળ સ્થિતિથી સભાન હતા. ભોગબનનારના ઓળખ નિશાન

તરીકે તેના જમણી બાજુ કપાળે જુનુ વાગેલાનું નિશાન હતુ. ભોગબનનારની શારીરીક તપાસણી કરવા માટેની સંમતિ બદલ તેણે મારા રૂબરૂ ઓ.પી.ડી કેસ પેર્પસમાં સહી કરી આપેલ તેમજ તેના વાલી તરીકે તેના માતા મંજુબેન રાણાએ પણ મારી રૂબરૂ સહી કરી આપેલ અને રૂબરૂ તરીકે લાવનાર પોલીસ ક્રિષ્નાબેન ભાટુ, બકલ નં. ૪૬૭ એ પણ રૂબરૂ તરીકે ઓ.પી.ડી. કેસ પેર્પસમાં સહી કરી આપેલ. ભોગબનનારને સ્ત્રી રોગ નિષ્ણાંત ડો.રવીન ધોકીયાના અભિપ્રાય માટે મોકલાવેલ. ડો. ધોકીયાએ ભોગબનનારને તપાસી અભિપ્રાય આપેલ કે કોઈ તાજી ઈજાઓ જણાયેલ નહી પરંતુ યોનીપટલ સાત વાગ્યાની પોઝીશનમાં તુટેલુ હતુ. પરંતુ કોઈ આંતરીક ઈજાના નિશાન જોવા મળેલ નહી તેમજ લાલશ, સોજો કે લોહી જણાયેલ નહી. ભોગબનનાર સાથે સંભોગ થયાની શકયતા નકારી શકાતી નથી. ભોગબનનારનો યુરીન પ્રેગન્સી રીપોર્ટ નેગેટીવ હતો તેમ જણાવી આંક–૪૦ થી ૪૨ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ભોગબનનારને પોલીસ યાદી સાથે પોલીસ લઈ આવેલ. એ વાત ખરી છે કે, આ સમગ્ર કાર્યવાહી દરમ્યાન પોલીસ ત્યાં હાજર હતી. એ વાત ખરી છે કે, ભોગબનનારે મારી સમક્ષ કોઈ હિસ્ટ્રી લખાવેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારના ઓળખની કોઈ ચકાસણી કરેલ નહી. એ વાત ખરી છે કે હાઈમેન ટોર્ન થવાના ઘણા કારણો હોઈ શકે. એ વાત ખરી નથી કે, કોઈ લેડીશ સ્ટાફની હાજરીમાં ભોગબનનારની મેડીકલ ચકાસણી કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, મે મેડીકલ સ્ટાફની કોઈ સહી કરાવેલ

હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનાર જે હિસ્ટ્રી આપે તેની નોંધ કોમ્પ્યુટરાઈઝ મેડીકલ પેપરમા કરવાની હોય છે. એ વાત ખરી નથી કે, ભોગબનનારની મે કોઈ ચકાસણી કરેલ નથી પરંતુ પોલીસ યાદીના મે ખોટુ મેડીકલ સર્ટી. આપેલ છે. એ વાત ખરી છે કે મે જે અભિપ્રાય આપેલ છે તે મુજબ ચોકકસપણે એ કહી શકાય નહી કે ભોગબનનારની સાથે સંભોગ થયેલ કે કેમ.

(૨૦) આ કામમા ફરિયાદપક્ષના સાહેદ નં. પ રામભાઈ રણમલભાઈ ઓડેદરાને આંક–૪૩ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, આજથી એકાદ વર્ષ પહેલા પો.ઈન્સ. ગામેતીના બોલાવવાથી હું વિરમભાઈની વાડી મારી વાડીની બાજુમા આવેલ ત્યાં હાજર થયેલ. તેની દિકરી ભાગી ગયેલ હતી. તે બનાવના અનુસંધાને મને બોલાવેલો અને ત્યાં તેનું રહેણાંક મકાન આવેલ છે તે મકાન મે જોયેલુ. ત્યાં બે પાકા મકાન અને એક નળીયાવાળુ મકાન આવેલુ હતુ. આ વાડી એક દિશામાં રોડ આવેલ છે અને બીજી દિશામાં બીજાનું ખેતર આવેલ અને બીજી એક દિશામાં દેવશીભાઈ સામતભાઈની વાડી આવેલ છે. તેની સામેની દિશામાં એટલે કે આથમણી દિશામા તેના કુટુંબીની વાડી આવેલ છે. ત્યાં પોલીસે અમારી હાજરીમાં અંગેનું લખાણ કરેલ અને તેમા મે સહી કરેલી તેમ જણાવી આંક–૪૪ થી પંચનામુ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, હું ધોરણ સાત સુધી ભણેલ છુ અને મને લખતા વાંચતા આવડે છે પણ બહુ વાં ચતા આવડતુ નથી ખાલી સહી કરતા આવડે છે. વિરમભાઈને હું જન્મથી

ઓળખુ છુ. એ વાત ખરી છે કે, આ અગાઉ કયારેય હું પંચમા ગયેલ નથી. એ વાત ખરી છે કે, વિરમભાઈ અમારા ગામના છે તેથી ઘણી વખત તેના ઘરે આવક જાવક થતી હોય છે. એ વાત ખરી નથી કે, પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલ. અમો બે કલાક ત્યાં રોકાયેલા. એ વાત ખરી નથી કે, પોલીસ અને મારા સિવાય બીજુ કોઈ ત્યાં રહેલ ન હતા. એ વાત ખરી છે કે, વિરમભાઈ અને તેની પત્ની વચ્ચે ઝઘડો હતો તેથી તે રીસામણે ગયેલ હતી. એ વાત ખરી છે કે, ભોગબનનાર તેના મમ્મી સાથે ફટાણા મુકામે રહેતી હતી. એ વાત ખરી નથી કે, મારી હાજરીમાં કોઈ પંચનામુ કરવામાં આવેલ ન હોવા છતા આ કામના ફરીયાદી સાથે સંબંધ હોય તેથી ખોટી જુબાની આપુ છુ.

(૨૧) આ કામમા ફરિયાદપક્ષના સાહેદ નં. ૬ સંતોષકુમાર વસુદેવ શંકરને આંક–૪૫ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે જણાવેલ છે કે, હું ગુજરાતી ભાષા સમજી શકુ છુ. હું સને ૨૦૨૪ માં એસબીઆરઈમાં એફઆઈ મેનેજર તરીકે ફરજ બજાવતો હતો અને મારી સાથે સંજયભાઈ પાંચા કોડીયાતર પણ એસબીઆઈમાં ફરજ બજાવતા હોય તેઓની સહી થી હું પરીચીત છુ. તા.૨૨/૧૦/૨૪ ના ૭ વાગ્યાની આસપાસ સીપીઆઈ રાણાવાવ, એસ એસ ગામેતીના બોલાવવાથી અમો બંને તેમની ઓફીસમાં હાજર થયેલ ત્યાં બગવદર પો.સ્ટે. પાર્ટ એ.–...૫૮૯/૨૪ ના કામમાં ભોગબનનારના બનાવ વખતે કપડાઓ કબ્જે કરવાના પંચનામા પંચ તરીકે રહેવીન સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલ. ત્યાં પોલીસ પાસે ભોગબનનાર તથા એક બહેન હાજર હતા. તે બહેનનું અમારી હાજરીમાં નામઠામ પુછતા તે બહેનનું નામ મંજુબેન વિરમભાઈ રાજશીભાઈ મોઢ

વાડીયા, રહે. ફટાણા હોવાનું જણાવેલ અને તેની સાથે હાજર ભોગબનનારનું નામઠામ, ઉમર, જન્મતારીખની વિગત જણાવેલ અને હાજર ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડાઓ રજુ કરતા તે જોતા એક આછા કબુતરી કરલનો ઝબ્બો (૨) કાળા તથા આછા કબુતરી કલરની મેલા જેવી લેંગીસ જે બંને કપડાઓ અલગ અલગ કપડાની બેગીમા રાખી અંદર બહાર પંચોની સહીવાળી કાપલી રાખી બેગી સીવી લઈ બેગી ઉપર લાખથી સીપીઆઈ, રાણાવાવના માર્કાનું સીલ કરી પોલીસે તપાસ અર્થે કબજે લીધેલ તેમજ તે અંગેનું પંચનામુ કરેલ તેમ જણાવી આંક–૪૬ થી પંચનામુ તથા આંક–૪૭ તથા આંક–૪૮ થી મુદ્દામાલ બેગીની કાપલીઓ રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, બાદ ફરીથી તે જ દિવસે આ ગુન્હાના કામે નવ વાગ્યે પોલીસના બોલાવવીથી અમો બંને પોલીસ સ્ટેશને હાજર થયેલ અને ત્યાં આ ગુન્હાના કામે આરોપીની અટક કરવાનું તથા બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરવાના પંચનામા પંચ તરીકે રહેવાની સમજ કરતા અમો બંનએ સંમતિ આપેલ. ત્યા પોલીસ પાસ ેહાજર ઈસમનું નામ પુછતા પોતાનું નામ વના ઉર્ફે વનરાજ ભીમાભાઈ કડેગીચા, ઉવ.૨૦, રહે. કડેગી ગામ હ ોવાનું જણાવેલ અને તેને બનાવ વખતે પહેરેલ કપડાઓ રજુ કરતા તે જોતા (૧) મરૂન કલરનો શર્ટ (૨) કાળા કલરનું મેલા જેવું પેન્ટ હતા. જે બંને કપડાઓને અલગ અલગ બેગીઓમા રાખી અંદર બહાર અમો પંચોની સહી વાળી કાપલીઓ રાખી બેગી સીલ કરી બેગી પર લાખથી સીપીઆઈ રાણવાવના માર્કાનું સીલ કરી પોલીસે પંચનામા વિગતે તપાસ અર્થે કબજે કરેલ તેમજ તેને બનાવમા ઉપયોગ લીધેલ મો.સા. રજુ કરતા તે હીરો હોન્ડા કંપનીનું કાળા કલરનું જી જે ૧૦ એ.કયુ ૯૯૦૨ નં

બરવાળુ મો.સા. હતુ તેની કિ.રૂ.૧૫૦૦૦/– પોલીસે કબ્જે લીધેલ તેમજ આરોપીને આ ગુન્હાના કામે ધોરણસર અટક કરેલ તેમજ તેનું વિગતવારનું પંચનામુ કરેલ તેમ જણાવી આંક–૪૯ થી પંચનામુ તથા આંક–૫૦ તથા આંક–૫૧ થી મુદ્દામાલ બેગીની કાપલીઓ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, આરોપી તથા ભોગબનનારના કપડા મારી હાજરીમાં કબ્જે લીધેલ નથી તેમજ આરોપીએ મો.સા.પણ મારી રૂબરૂ કબ્જે લીધેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે પંચનામા તૈયાર કરેલ, તેના પર મે સહીઓ કરેલી. એ વાત ખરી છે કે, એવું બનેલ નથી કે, હું બોલતો હોય અને પોલીસે પંચનામુ લખેલ હોય. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છુ

(૨૨) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં. ૭ લખમણભાઈ માલદેભાઈ પરમારને આંક–૫૨ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, પંચ નં.૨ નાગદાનભાઈ ધ્રાંગા મારી સાથે કડેગી પ્રાથમીક શાળામાં ફરજ બજાવતા હોય તેઓની સહીથી હું વાકેફ છુ. તા.૨૩/૧૦/૨૪ ના બે વાગ્યાની આસપાસ એસ એસ ગામેતી, પી.આઈ.રાણાવાવના બોલાવવાથી અમો બંને કડેગી ગામમાં રબારી કેડા પાસે રહેતા ભીમા માલદેભાઈના રહેણાંક મકાન પાસે હાજર થયેલ. ત્યાં પોલીસે અમોને બગવદર પો.સ્ટે. પાર્ટ એ– .....૫૮૯/૨૪ ના કામની બનાવવાળી જગ્યાના પંચનામાં રહેવા સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલી. ત્યાં પોલીસ પાસે હાજર આરોપીનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ વાના ભીમાભાઈ કડેગીયા, ઉ.વ.૨૦, રહે કડેગીગામવાળો હોવાનું

જણાવેલ અને તેણે બનાવવાળી જગ્યા બતાવતા જે જગ્યા જોતાં તે રહેણાંક મકાન આવેલ હતુ અને તેમાં બે રૂમ આવેલ હતા. જેમાં પૂર્વ બારના રૂમમા બનાવ બનેલ હોવાનું આરોપીએ જણાવતા પોલીસે તે રૂમની લંબાઈ પહોળાઈ માપણી કરેલ અને ત્યાં રૂમમાં એક પથારી વાળો બેડ હતો. તેના ઉપર એક ઓછાડ પાથરેલ હતો જે ઓછાડની લંબાઈલ પહોળાઈ માપી તેને એક કપડાની બેગીમા મુકી અંદર બહાર અમો પંચોની સહીવાળી કાપલી રાખી બેગી સીવી લઈ સીપીઆઈ રાણાવાવના માર્કાનું સીલ કરી પોલીસે તપાસ અર્થે કબ્જે કરેલ. તેમજ આ જગ્યાની ચર્તુ સીમા જોતા પૂર્વે રૂમ આવેલ હતો, પશ્ચિમે ખુલ્લા ફળીયાની જગ્યા બાદ કમ્પાઉન્ડની દિવાલ આવેલ હતી, ઉતરે નાગાભાઈ ઘેલાભાઈનો ખુલ્લો વાડો આવેલ હતો, દક્ષિણે રસ્તો તથા ખુલ્લુ ફળીયુ આરોપીના પિતાનું આવેલ હતુ. જે અંગેનું વિગતવારનું પંચનામુ પોલીસે અમારી હાજરીમાં કરેલ તેમ જણાવી આંક–૫૩ થી પંચનામુ તથા આં ક–૫૪ થી મુદ્દામાલ બેગીની કાપલી રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, કડેગી ગામે છેલ્લા ૨૨ વર્ષથી નોકરી કરતો હતો. એ વાત ખરી છે કે, આરોપીના પિતા ભીમાભાઈને હું બનાવ પહેલાંથી જ ઓળખુ છુ. એ વાત ખરી નથી કે, બનાવ પહેલાં ભીમાભાઈના ઘરે ગયેલો. એ વાત ખરી નથી કે, પંચનામામા જવા માટે અમારી સ્કુલના આચાર્યએ અમોને કોઈ લેખિત હુકમ આપેલ હોય તેવું બનેલ નથી. અમો ત્યાં પોણા બે કલાક આરોપીના ઘરે રોકાયેલા. એ વાત ખરી છે કે, અમો ઘરે ગયેલ ત્યારે પોલીસ અને અમો બે પચો  આરોપીના ઘરના સભ્યો હતા તે સિવાય બીજુ કોઈ હાજર ન હતુ. એ વાત ખરી છે કે,

આજુબાજુમાં રહેણાંક મકાનો આવેલા છે. એ વાતની મને ખબર નથી કે, અમો જે જગ્યાએ ગયેલા તેના રૂમો ખુલ્લા હતા એટલે કે દરવાજા ન હતા. એ વાત ખરી છે કે, પોલીસે તૈયાર લખાલ કરેલ કાગળમાં સહી કરવાનુ કહેતા અમોએ સહી કરી આપેલ.

(૨૩) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં. ૮ વિશાલભાઈ ગોપાલભાઈ પોસ્તરીયાને આંક–૫૫ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, અજીત રામાભાઈ ભુતિયા પંચ નં .૨ જે મારી સાથે પીજીવીસીએલમાં ફરજ બજાવતા હોય જેથી તેમની સહી સથી હુ વાકેફ છુ. તા.૦૭/૧૧/૨૪ ના બપોરના બાર વાગ્યાની આસપાસ બગવદર પોલીસના બોલાવવાથી અમો બંને પોલીસ સ્ટેશને હાજર થયેલ અને ત્યાં બગવદર પોલીસ સ્ટેશન પાર્ટ એ–....૫૮૯/૨૪ ના કામના ભોગબનનાર તથા આરોપીના સેમ્પલો કબ્જે લેવાના પંચનામામાં પંચ તરીકે રહેવાની પોલીસે અમોને સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલ. અમારી હાજરીમાં લોકરક્ષક હિતેષભાઈ જશરાજભાઈનાઓએ અડવાણા હોસ્પીટલે આરોપી તથા ભોગબનનારનું બે બોક્ષ સેમ્પલનું સીલ બંધ બોક્ષ રજુ કરેલ જે જોતાં બોક્ષ નં.૧ માં ભોગબનનારનું નામની વિગત લખેલ હતી અને બોક્ષ નં. ૨ ઉપર વના/ વનરાજ લખેલ હતુ. જે અંગેનું વિગતવારનું પં ચનામુ કરી પોલીસે સેમ્પલો કબ્જે લીધેલા તેમ જણાવી આંક–૫૬ થી પં ચનામુ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, અમારી નોકરીનો સમય સવારના સાડા દશથી સાંજના ૬/૧૦ સુધીનો હોય છે.

અમોને પંચમા જવા માટે અમારા અધિકારીએ કોઈ લેખિત હુકમ આપેલ હોય તેવું બનેલ નથી. જે દિવસે પંચમા બોલાવેલ ત્યારે અમારી નોકરી ચાલુ હતી. અમારી નોકરી બગવદર મુકામે ચાલુ હતી. અમો પોલીસ સ્ટેશને ૧૨ વાગ્યે ગયેલ અને ૧૨/૫૦ સુધી રોકાયેલ. એ વાત ખરી છે કે, આ જે સીસીઓ હતી તે વીટળાયેલ હતી જેથી તેની અંદર શું છે તે હું જોઈને કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, મારી હાજરીમાં પોલીસે કોઈ પંચનામુ કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, હું લખાવતો હોય અને પોલીસ લખતી હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, પોલીસે તૈયાર લખાણ કરેલ કાગળમાં મારી સહી લીધેલી. એ વાત ખરી નથી કે, મારી હાજરીમાં પોલીસ ે ભોગબનનાર તથા આરોપીના કોઈ નમુના કબ્જે કરેલ નથી.

(૨૪) આ કામમા ફરિયાદપક્ષના સાહેદ નં. ૯ હરેશભાઈ અમરાભાઈ જું ઝીયાને આંક–૫૭ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, સને ૨૦૨૪ માં હું બગવદર પો.કોન્સ.માં હેડ કોન્સ.તરીકે ફરજ બજાવતો હતો. તા.૭/૧૧/૨૪ ના રોજ પી એસ ઓના ચાર્જમાં હતો તે દરમ્યાન બપોરે ૧૨/૧૫ કલાકે બગવદર પો.સ્ટે.ગુન્હા રજી. નં.પાર્ટ એ– .....૫૮૯/૨૪ ના કામના ભોગબનનાર તથા આરોપી વાના ઉર્ફે વનરાજ કડેગીયાના સીએચસી હોસ્પીટલ અડવાણા ખાતે ડોકટરશ્રીએ લીધેલ સેમ્પલોના પુઠાના બોક્ષ નંગ–૨ પો.સ્ટે.ના લોકરક્ષક હીતેશભાઈ જશરાજભાઈ, બકલ નં.૩૪૬ નાઓએ મારી સમક્ષ રજુ કરતા મે આ સેમ્પલો જોતાં ભોગબનનાર તથા આરોપી ના નામ લખેલ ચીઠી ચોટાડેલ હતી જેથી મે પંચ વિશાલ પોસ્તરીયા તથા અજીત રામાભાઈની હાજરીમાં પંચનામાની

વિગતે કબ્જે લીધેલ.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મે બ્લડ સેમ્પલ કલેકટ કરી અને પંચો રૂબરૂ કબ્જે લીધેલ તે સિવાય અન્ય કામગીરી કરેલ નથી.

(૨૫) આ કામમા ફરિયાદપક્ષના સાહેદ નં. ૧૦ આશીષ સુરમાજી બારાને આંક–૫૮ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, સને ૨૦૨૪ માં હું પી. એસ આઈ તરીકે બગવદર પો.સ્ટે.માં ફરજ બજાવતો હતો અને તા..૨૦/૧૦/૨૪ ના રોજ પો.સ્ટે. હાજર હતો તે દરમ્યાન વિરમભાઈ રાજશીભાઈ મોઢવાડીયા, રહે.શીશીલીવાળાએ અમારી સમક્ષ ફરીયાદ જાહેર કરતા તેઓના લખાવ્યા જણાવ્યા મુજબની રૂબરૂ તરીકે મે ફરીયાદ લીધેલી.ફરીયાદ બાદ તા.૨૦/૧૦/૨૪ ની સ્ટેશન ડાયરીમાં મે એન્ટ્રી નં.૨૧ થી ગુન્હા રજી. નં.પાર્ટ એ–૧૧૨૧૮૦૦૩૨૪૦૫૮૯/૨૪ થી ગુન્હો રજી. કરી આગળની તપાસ સીપીઆઈ શ્રી એસ એસ ગામેતી સાહેબને સોપેલ તેમ જણાવી સ્ટેશન ડાયરીની નકલ આંક–૫૯ તથા તપાસનો સુચીપત્ર આંક–૫૯ થી તેમજ મેસેજ આંક–૬૧/૬૨ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ ગુન્હાની ફરીયાદ બનાવ બન્યા બાદ એક દિવસ મોડી આપવામાં આવેલ. એ વાત ખરી છે કે, ફરીયાદ લીધી, ગુન્હો રજી.કરેલ અને આગળની તપાસ સીપીઆઈ રાણાવાવને સોપેલ તે સિવાય મે બીજી કોઈ

કામગીરી કરેલ નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદ અમારી સમક્ષ ભોગબનનાર સાથે આવેલ ત્યારે ભોગબનનારના કોઈ આધાર પુરાવા અમારી સમક્ષ રજુ કરેલ ન હતા. એ વાત ખરી છે કે, જન્મ પ્રમાણપત્ર રજુ કરેલ તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, કોઈ પણ વ્યકિત ગુમ થઈ થાય તેની જાણવા જોગ નોંધ અમો પોલીસ સ્ટેશનમાં નિયમ રજી.માં કરતા હોય છે અને સહી લેતા હોય છે. એ વાત ખરી નથી કે, ફરીયાદીના લખાવ્યા મુજબ મે ફરીયાદ લખેલ નથી. એ વાત ખરી નથી કે, મે તૈયાર લખાણ કરેલ કાગળમાં ફરીયાદીની સહી લીધેલ છે. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છુ.

(૨૬) આ કામમા ફરિયાદપક્ષના સાહેદ નં. ૧૧ ત.ક.અ. સુભાષભાઈ સવજીભાઈ ગામેતીને આંક–૬૩ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, સને ૨૦૨૪ થી તા.૧/૧/૨૦૨૫ સુધી સીપીઆઈ રાણાવાવ તરીકે ફરજ બજાવતો હતો. એ દરમયાન બગવદર પો.સ્ટે. ગુન્હા રજી. નં. પાર્ટ એ– ૧૧ ૨૧૮૦૦૩૨૪૦૫૮૯/૨૪ ના ગુન્હાની તપાસ પી. એસ આઈ એ એસ બારા તરફથી મળતા મે આ ગુન્હાની તપાસ સંભાળી લીધેલ અને આ કામની ફરીયાદની વિગતથી હું વાકેફ થયેલ. ત્યારબાદ બનાવવાળી જગ્યાનું બે પંચો સાથે રાખી પંચનામુ કરવામાં આવેલ. જેનું ઓનલાઈન ધ શીડયુલ સી સેકશન ૬૩(૪)(સી) મુજબ વિડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી કરી તેનું સર્ટી. જનરેટ કરી પ્રિન્ટ કાઢી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામાં આવેલ. ત્યાબાદ બગવદર પો.સ્ટે.ના

પોલીસના માણસોને આરોપી અને ભોગબનનારને શોધવા માટે સુચના આપવામાં આવેલ. બાદ તપાસ દરમ્યાન ભોગબનનાર અને આરોપી મળી આવતાં ભોગબનનારની તથા તેની માતા તથા સામાજીક કાર્યકતા તથા મહીલા પો.કર્મચારીની હાજરીમાં ભોગબનનારનું નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ ભોગબનનાર સાથે વારંવાર શરીર સંબંધ બાધેલ હોય તેવી હકિકત તેના નિવેદનમાં જણાવેલ એ મુજબનું નિવેદન લઈ કામે સામેલ રાખેલ. ત્યારબાદ બીએનએસની કલમ–૧૩૭(૨), ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ– ૪,૬,૮ મુજબનો ગુન્હો બનતો હોય નામદાર કોર્ટમાં કલમ ઉમેરાનો રીપોર્ટ કરવામાં આવેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામાં આવેલ. ત્યાબાદ બગવદર પો.સ્ટે.ના પોલીસના માણસોને આરોપી અને ભોગબનનારને શોધવા માટે સુચના આપવામાં આવેલ. બાદ તપાસ દરમ્યાન ભોગબનનાર અને આરોપી મળી આવતાં ભોગબનનારની તથા તેની માતા તથા સામાજીક કાર્યકતા તથા મહીલા પો.કર્મચારીની હાજરીમાં ભોગબનનારનું નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ ભોગબનનાર સાથે વારંવાર શરીર સંબંધ બાધેલ હોય તેવી હકિકત તેના નિવેદનમાં જણાવેલ એ મુજબનું નિવેદન લઈ કામે સામેલ રાખેલ. ત્યારબાદ બીએનએસની કલમ–૧૩૭(૨), ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ– ૪,૬,૮ મુજબનો ગુન્હો બનતો હોય નામદાર કોર્ટમાં કલમ ઉમેરાનો રીપોર્ટ કરવામાં આવેલ. બાદ ભોગબનનારનું તા.૨૨/૧૦/૨૪ ના રોજ મેડીકલ તપાસણી તથા સેમ્પલો માટે મેડીકલ ઓફીસર સીએચસી અડવાણાને યાદી કરી વુ.પોલીસ સાથે તથા તેની

માતા સાથે મોકલી તેની મેડીકલ તપાસણી કરાવેલ. ત્યારબાદ આરોપી અટક કરવાનો હોય બનાવ સમયે પહેરેલ કપડા તથા ગુન્હામાં ઉપયોગ કરેલ મો.સા કબ્જે કરવાના હોય બે પંચોની હાજરીમાં પંચનામુ કરી આરોપીને અટક કરેલ તેમજ આરોપીએ બનાવ વખતે કપડા તથા બનાવમાં ઉપયોગ લીધેલ મો.સા. કબ્જે લીધેલ. જેનું ઓનલાઈન ઘ શીડયુલ સી સેકશન ૬૩(૪)(સી) મુજબ વિડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી કરી તેનું સર્ટી. જનરેટ કરી પ્રિન્ટ કાઢી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ આરોપીની મેડીકલ તપાસણી તથા સેમ્પલો માટે મેડીકલ ઓફીસર સીએચસી અડવાણાને યાદી કરી આરોપીને પોલીસ સાથે મોકલી આપેલ. બાદ આરોપીએ ભોગબનનાર સાથે આરોપીના રહેણાંક મકાને શરીર સંબંધ બાંધેલ હોય તે જગ્યાનું પંચનામુ કરવાનું હોય, બે સરકારી પંચો સાથે રાખી પંચનામુ કરવામાં આવેલ. જેનું ઓનલાઈન ઘ શીડયુલ સી સેકશન ૬૩(૪)(સી) મુજબ વિડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી કરી તેનું સર્ટી. જનરેટ કરી પ્રિન્ટ કાઢી તપાસના કામે સામેલ રાખેલ તેમ જણાવી પોતે કરેલ તપાસ કાર્યવાહી અંગેના દસ્તાવેજી પુરાવાઓ આંક-૬૪ થી આંક-૮૧ સુધીના રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે તપાસ સંભાળી ત્યારે આ ગુન્હા સંબંધી પ્રાથમિક કાગળનો અભ્યાસ કરેલો. એ વાત ખરી છે કે, આ બનાવ તા.૧૮/૧૦/૨૪ ના બનેલો અને તેની ફરીયાદ તા.૨૦/૧૦/૨૪ ના રોજ કરવામાં આવેલ. એ વાત ખરી નથી કે, ફરીયાદ મોડી કરવાનું કારણ ફરીયાદમાં જણાવેલ નથી. હવે હું કહુ છુ કે, ફરીયાદી ફરીયાદ કરવા વિલંબથી આવેલા. એ વાત ખરી છે કે, ફરીયાદી

તથા તેની પત્ની વચ્ચે ડીવોર્સ થઈ ગયેલ છે અને તેના છુટાછેડાનું લખાણ અમ`તપાસના કામે કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે, છુટાછેડા મુજબ ભોગબનનારની કસ્ટડી માતા પાસે હતી એ વાત ખરી છે કે, ભોગબનનારના માતા ફટાણા ગામે રહે છે અને ભોગબનનાર ફટાણા ગામની સ્કુલમાં અભ્યાસ કરતા હતા. એ વાત ખરી છે કે, ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમ સબંધ હતો અને બંને જણા સોશ્યલ મીડીયાના માધ્યમથી જોડાયેલ હતા અને ફોનમાં વાતચીત કરતા હતા. એ વાત ખરી છે કે મારી સમગ્ર તપાસ દરમ્યાન ભોગબનનાર કે આરોપીના મોબાઈલ મે કબ્જે લીધેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનાર કે આરોપીના મોબાઈલના સીડીઆર પણ આ કામે કબ્જે લીધેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારના પિતાએ મારી સમક્ષ એવી હકિકત જાહેર કરેલ નથી કે, '' બીજા દિવસે મારી ભોગબનનાર દિકરી મારા ઉપર ફોન આવેલો અને કહેલ કે, બાપા મને ગોતજોમાં હું છોકરા ભેગી ભાગી ગયેલ છુ પછી બીજા દિવસે મેર કાઉન્સીલમાં મારી ભોગબનનાર દિકરી અને છોકરો હાજર થયેલા, ત્યાથી ફોન આવેલ પરંતુ મે કીધેલ કે અમો ફરીયાદ કરેલ છે તેથી લેવા નહી આવીએ.'' એ વાત ખરી છે કે, ભોગબનનારે તેના નિવેદનમાં એવું લખાવેલ છે કે, '' નવરાત્રીનું આઠમુ નોરતુ હતુ ત્યારે આ વાના કડેગીયાએ મને મળવા બોલાવેલ હતી પરંતુ મારા પિતા ઘરે હોવાથી અને હું મારા પિતા પાસે બેસેલ હતી'' એ વાત ખરી છે કે, ભોગબનનારનું નિવેદન લીધેલ તેમાં તે આઠમા નોરતે આરોપી સાથે ગયેલ હોય તેવું મારી તપાસમાં ખુલેલ નથી. એ વાત ખરી છ`કે, ભોગબનનાર આરોપી સાથે આઠમા નોરતે મળવા ગયેલ હોય

અને તેની સાથે ભાગી ગયેલ હોય તેવું મારી તપાસમા ખુલેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારનું જે મેડીકલ સર્ટી. આંક–૩૪ તથા આરોપીને તપાસ ેલ મેડીકલ સર્ટી.આંક–૩૮, આંક–૪૧ વાળુ મેડીકલ સર્ટી. જોઈને હું કહુ છુ કે તેંમા ભોગબનનાર કે આરોપીએ હિસ્ટ્રી જણાવેલ હોય પરંતુ તેનો ઉલ્લેખ મેડીકલ સર્ટી.માં કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, જયારે ભોગબનનારનું નિવેદન રેકર્ડ કરેલ ત્યારે હું મારા પોલીસ યુનિફોર્મમાં હતો, સાહેદ જણાવે છે કે, હુ સીવીલ ડ્રેસમાં હતો. એ વાત ખરી છે કે, આ કામે વુ.પો.કોન્સ.સંતોકબેન, મહીલા સામાજીક કાર્યકર રેખાબેન તથા ચાઈલ્ડ વેલ્ફર ઓફીસર કે એમ જોષીનું આ કામે મે નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે મે ભોગબનનારના જે વસ્ત્રો કબ્જે કરેલ ત્યારે તે ફાટેલા હોય કે તેમાં કોઈ દાગ ધબ્બા પડેલ હોય તેવું મે જોયેલ કે કેમ હાલ તે મને યાદ નથી. એ વાત ખરી નથી કે, આરોપી જયારે રહે છે ત્યાં આજુબાજુ વસ્તીવાળો વિસ્તાર છે, સાહેદ જણાવે છે કે વાડી વિસ્તાર છે અને આરોપીનું એકલાનું મકાન છે. એ વાત ખરી નથી કે, આરોપીના માતા પિતાના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, બનાવવાળુ સ્થળ એ ખુલ્લી જગ્યા છે. એ વાત ખરી છે કે, અમે જયારે પંચનામુ કરતા હોય ત્યારે અમારો વિડીયો પંચનામુ શરૂ થાય ત્યારથી પુર્ણ થાય ત્યાં સુધીનું હોય છે. એ વાત ખરી છે કે, આરોપીનું અટક તથા કપડા કબ્જેનું પંચનામુ તા.૨૨/૧૦/૨૪ ના ૨૧/૦૦ કલાકે શરૂ કર્યુ અને પુર્ણ ૨૨/૦૦ કલાકે કરેલ. એ વાત ખરી છે કે પંચનામા સાથે જોડેલ ફોર્મમાં વિડીયો શરૂ કર્યા અને પુર્ણ કર્યાનો અંતર ૦૫ મીનીટ નું જ છે. હવે હું કહુ છુ કે, જે વિડીયો લેવાની અવધિ છે તે ચાર મીનટ નિયત કરવામાં આવેલ

છે. એ વાત ખરી છે કે, ભોગબનનારનું કપડા કબ્જેનું પંચનામુ તા.૨૨/૧૦/૨૪ ના ૧૯/૩૦ કલાકે શરૂ કર્યુ અને પુર્ણ ૨૦/૧૫ કલાકે કરેલ. એ વાત ખરી છે કે પંચનામા સાથે જોડેલ ફોર્મમાં વિડીયો શરૂ કર્યાનો અને પુર્ણ કર્યાનો અંતર ૦૭ મીનીટ નું જ છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાનું પંચનામુ તા.૨૧/૧૦/૨૪ ના ૧૫/૩૦ કલાકે શરૂ કર્યુ અને પુર્ણ ૧૬/૦૦ કલાકે કરેલ. એ વાત ખરી છે કે પંચનામા સાથે જોડેલ ફોર્મમાં વિડીયો શરૂ કર્યાનો અને પુર્ણ કર્યાનો અંતર ૦૬ મીનીટ નું જ છે. એ વાત ખરી છે કે, આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાધેલ તે જગ્યાનું પંચનામુ તા.૨૩/૧૦/૨૪ ના ૧૪/૪૫ કલાકે શરૂ કર્યુ અને પુર્ણ ૧૫/૩૦ કલાકે કરેલ. એ વાત ખરી છે કે પંચનામા સાથે જોડેલ ફોર્મમાં વિડીયો શરૂ કર્યાનો અને પુર્ણ કર્યાનો અંતર ૦૫ મીનીટ નું જ છે. એ વાત ખરી નથી કે, ભોગબનનાર સાથે જબરજસ્તીથી શરીર સંબંધ બાધેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનાર આરોપી સાથે તેની મરજીથી ગયેલ હતા. એ વાત ખરી છે કે, ભોગબનનાર અલગ અલગ જગ્યાએ ગયેલ અને તેને બનાવની વાત અન્ય કોઈ સાહેદોને કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનાર બનાવ સમયે આરોપીના માતા પિતાને તેની સાથે બનેલ જબરજસ્તીના બનાવની વાતચીત કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનાર સાથે જયારે બનાવ બનેલ ત્યારે ભોગબનનારે રાડા રાડી કરેલ હોય કે કોઈને બોલાવવાનો પ્રયત્નો કરેલ હોય તેવું મારી તપાસમાં ખુલેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારે તેની સાથે બનેલ બનાવમાં આરોપીને રોકવાનો પ્રયત્નો કરેલા

હોય કે, આરોપીને કોઈ પ્રતિકાર કરેલો હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદનો ફરીયાદ આધારે લખી લીધેલા. એ વાત ખરી નથી કે, પંચોની હાજરીમાં કોઈ પંચનામા તૈયાર કરવામાં આવેલ નથી પરંતુ પાછળથી પંચોની સહી લેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે, મારી ખોટી તપાસના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

**ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન :–**

(૨૭) ઉપર મુદ્દા નં.૧ ની જે ચર્ચા કરેલ છે તે મુજબ આ કામે બનાવ સમયે ભોગબનનારની ઉંમર વર્ષ–૧૨, ૧૧–માસ અને ૨૯–દિવસની હતી તે શંકાથી પર ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ છે અને તે મુજબ બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા નાની હતી તેવુ સ્પષ્ટ શંકાથી પર પુરવાર થાય છે. હવે જયારે ઉપર નોંધ કરેલ છે તે મુજબ ભોગબનનારની ઉંમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતા નાની હતી તેવા સંજોગોમા ઈ.પી.કો.ની કલમ–૩૭૫ અને પોકસો એકટની કલમ–૨(ડી) ના કાનુની પ્ર બંધો ધ્યાને લઈએ તો જયારે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા નાની છે તેવા સંજોગોમા આ પ્રકારનુ કૃત્ય ભોગબનનારની સંમતિથી થયેલ છે કે તેણીની સંમતિ વિના થયેલ છે તે હકિકત મહત્વની રહેતી નથી એટલ ે કે આરોપીએ ભોગબનનાર સાથે જે શારિરીક સબંધો બાંધેલ છે તેવો આરોપી વિરુધ્ધ જે આક્ષેપ છે તેમાં આરોપીએ ભોગબનનારની મરજીથી આ પ્ર કારના સબંધો બાંધેલ હોય તો પણ તે મહત્વનુ રહેતુ નથી તે રીતે કાયદાની

દ્રષ્ટિએ આરોપીનુ આવુ કૃત્ય તે સ્પષ્ટ ગુનો બને છે. આ તબકકે આ હકિકતન વધુ સારી રીતે સમજવા માટે ઈ.પી.કો.કલમ–૩૭૫ નો છઠઠો પ્રોવીઝો અને પોકસો એકટની કલમ–૨(ડી) ટાંકવી જરૂરી છે જે નીચે મુજબ વાંચી શકાય છે.

**Section 375 of IPC**

**375. Rape**

A man is said to commit "rape" if he -

(a) Penetrates his penis, to any extent, into the vagina, mouth, urethra or anus of a woman or makes her SO with him or any other person; or to do

(b) inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

as to (c) manipulates any part of the body of a woman so cause penetration into the vagina, urethra, anus or any part of body of such woman or makes her to do so with him or any other person; or

(d) applies his mouth to the vagina, anus, urethra of a woman lor makes her to do so with him or any other person, under the circumstances falling under any of the

following seven descriptions:

First :-

*

Secondly: *

Thirdly :-

Fourthly :-

Five :-

Sixthly With or without her consent, when she is under eighteen years of age.

Seventyly:-

**Section 2 (D) of POCSO**

(d) "child" means any person below the age of [eighteen] years;

ઉપર નોંધ કરેલ છે તે મુજબ આરોપી વિરુધ્ધ જે તહોમતનામું ફરમાવવામા આવેલ છે તે કૃત્યમાં ભોગબનનારની સંમતિ હોય તો પણ તે મહત્વની રહેતી નથી તેવુ કાયદાથી પ્રસ્થાપિત થયેલ છે અને તે કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે. જેથી આ કામે બચાવ પક્ષ દ્વારા જે ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમ સબંધ હતો અને ભોગબનનાર અને આરોપી વચ્ચે જે સબંધો બંધાયેલ છે તે સહમતીથી હતાં અને તે  અનુસંધાને ભોગબનનારની સંમતિથી બંધાયેલ છે તેવો જે બચાવ પક્ષે બચાવ રજુ કરવામાં આવેલ છે અને ખાસ કરીને તેઓની દલીલોમાં જે બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ છે તે અત્ર ટકવા પાત્ર રહેતો નથી અને તે રીતે તે ધ્યાને લેવા પાત્ર રહેતો નથી.

આ તબક્કે ઉપરોક્ત ચર્ચા ની સાથે તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા SUO MOTU WRIT PETITION No.30 OF 2023, IN RE : RIGHT TO PRIVACY OF ADOLESCENTS WITH CRIMINAL APPEAL No. 1451 TO 2024 માં જે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે તે પણ અત્રે ધ્યાને લેવા જરૂરી છે અને તે રીતે તેની પણ અત્રે નોંધ કરવી જરૂરી છે તે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાના પેરા-૧૬,૧૭,૧૮ અને ૧૯ ઘણાજ મહત્વના છે તે અત્રે ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ છે.

acts" while 16. Now, we come to the reasons recorded by the Division Bench. The Division Bench has invited a very peculiar concept of "non-exploitative sexual dealing with the offences punishable under Section 376(2)(n) of the IPC and Section 6 of the POCSO Act. We fail to understand how a sexual act, which is a heinous offence, can be termed as non-exploitative. When girl fourteen years old is subjected to such a horrific act, how can it be termed as "non- exploitative"? In paragraph 17, High Court refers the a to who is "marital is no of rape". In this case, there evidence of marriage. The Bench has also invented a non-existent category "older adolescents" and lamented about the lack of recognition of the consensual behavior of older adolescents. We fail to understand this concept of "older adolescents". Further, the Division Bench goes on to observe that sexual behavior in adolescents,

particularly onset from the of puberty, is established as being a natural, normative and integral part of an adolescent's development.

17. We must deal with some of the observations made by the High Court. High Court concluded The equating and that by non consensual exploitative sexual acts with rape and aggravated penetrative sexual assault, the law undermines the bodily integrity and dignity of adolescents. The High Court was not called upon to discuss the merits and demerits of the existing laws. What is shocking is the observation made in paragraph 23 of the impugned judgment where the High Court observed that while achieving ostensible objectives to protect all children below 18 years from sexual exploitation, the law's unintended effect has been the deprivation of A Liberty of young people in consensual relationship. The Court, surprisingly, carved out a non-existing category of romantic cases in the rape cases. While dealing with the offences under the POCSO Act, shockingly, the Court observed that the law undermines the identity of adolescent girls by casting them as victims, thereby rendering them voiceless. The Court says that, on the other hand, adult boys are discriminately treated as children in conflict with the

law. Thereafter, in paragraph 25, the Court proceeded to criticise the POCSO Act by observing that it clubs all persons below eighteen years without considering their developing sexuality, evolving capacity and the impact of such criminalisation on their best interests. In paragraph 28, the Court went further. It held that instead of protecting the adolescents from abuse, the law exposes them in factually consensual and non−exploitative relationships to the risk of criminal prosecution. It compromises the mandate of protecting the children. Therefore, the Court observes that an amendment is to decriminalise consensual necessary sexual acts involving adolescents above sixleen years. The High Court, while dealing with an appeal order of conviction, was against the not called upon to make the observations which we have referred to above. Perhaps these the subjects on which only the could debated at were experts have different forum. The judges ought to have avoided expressing their personal views even assuming that there was some justification for holding the views. While the High Court observed this, it forgot that in the facts of the case, the Court was not dealing with the sexual acts involving adolescents above sixteen years, as the age of the victim was fourteen years and the accused was twenty−five years at the

relevant time. In 18. In paragraph 29, the Court went into the question of rights based approach, which was completely unwarranted. paragraph 30.1, the Court referred to the generation of androgenic steroids. and secretion from the pituitary gland. Thereafter, the Court laid down the duties and obligations of every female and adolescent in paragraph 30.3, which we have quoted above. No reasons are required to be recorded for holding that incorporation of the same in the Judgment is entirely irrelevant and unwarranted. After the that, Court have referred to above. Perhaps these were the experts subjects could different on have forum. which only debated The judges the at a ought to have avoided expressing their personal views even assuming that there was some justification for holding the views. While the High Court observed this, it forgot that in the facts of the case, the Court was not dealing with the sexual acts involving adolescents above sixteen years, as the age of the victim was fourteen years and the accused was twenty−five years at the relevant time.

18. In paragraph 29, the Court went into the question of rights based approach, which was completely unwarranted. In paragraph 30.1, the Court referred to the generation of androgenic steroids and secretion from the pituitary gland. Thereafter, the Court laid down

the duties and obligations of every female and adolescent in paragraph 30.3, which we have quoted above. No reasons are required to be recorded for holding that incorporation of the same in the judgment is unwarranted. entirely After irrelevant that, the and Court proceeded to lay incorporating reproductive the the health school several emphasis on aspects of and hygiene into There are curriculum. statements and conclusions in the impugned judgment which, to say the least, are shocking. Perversity is writ large on the face of the judgment, which can be seen in several paragraphs of the impugned judgment.

19. The duty of the High Court was to ascertain on the evidence whether the offences under Section 6 of the POCSO Act and made Section out. Section In 375 376 view of the of the of "sixthly" IPC, IPC were in penetrative intercourse with a woman under eighteen years of consent, rape. age, with or constitutes an Therefore, whether without offence such her of offence arises from a romantic relationship is irrelevant. How can an act that is an offence punishable under the POSCO Act be described as "a romantic relationship"? The High Court went to the extent of observing that the case of criminalisation of a romantic relationship

between two adolescents of opposite sex should be best left to the wisdom of the judiciary. The Courts must follow and implement the law. The courts cannot commit violence against the law. The findings and observations in the finding impugned on judgment, the except the applicability of Sections 363 and 366 of the IPC, cannot be sustained.

(૨૮) ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો અને તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રેમ સબંધના અનુસંધાને થયેલ આવા શારિરીક સબંધોના કૃત્યને સ્પષ્ટ રીતે ગુનાહીત કૃત્ય ગણેલ છે અને આ પ્રકારના કૃત્યમાં ભોગબનનારની સંમતિ મહત્વની નથી તેવુ સ્પષ્ટ ઠરાવેલ છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદામા એવુ સ્પષ્ટ જણાવેલ છે કે, અદાલતોએ જે કાયદા ધારાસભા દ્વારા ઘડવામા આવેલ છે અને તેમાં જે કાનુની પ્રબંધો કરવામાં આવેલ છે તેનુ ચુસ્તપણે પાલન કરવુ જોઈએ તેવો સ્પષ્ટ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. તે મુજબ આ બાબતે ઠરાવેલ કાનુની પ્રબંધો અને નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા બચાવ પક્ષે આરોપી અને ભોગબનનાર વચ્ચે પ્રેમસબંધની જે થીયરી રજુ કરેલ છે અને આરોપી અને ભોગબનનાર વચ્ચે જે શારિરીક સબંધો થયેલ છે તે પ્રેમ સબંધના અનુસંધાને થયેલ છે તેવો જે બચાવ રજુ કરેલ છે તે બચાવ ઉપરોકત જે કાનુની પ્રબંધો આ અદાલતે ટાંકેલ છે તે મુજબ.અને નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદા મુજબ ધ્યાને લેવા પાત્ર જણાય આવતો નથી. તે રીતે ભોગબનનારની સંમતિ સબબનો બચાવ કે જે આરોપી

પક્ષે ઉપસ્થિત કરેલ છે તે અત્રે ટકવા પાત્ર રહેતો નથી.

(૨૯) આમ ઉપરોકત સમગ્ર ચર્ચાએ આ કામે આ ગુનાના સૌથી મહત્વના સાહેદ તે આ ગુનાના ભોગબનનાર છે. આ પ્રકારના ગુનામા ભોગબનનાર જ એક એવા સાહેદ છે કે જે આ ગુના સબબ સાચી હકિકત અદાલત સમક્ષ પુરાવા સ્વરુપે રજુ કરી શકે અને એ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આ પ્રકારના ગુનામાં ભોગબનનારનો પુરાવો તે ક્રિમીનલ ટ્રાયલમાં જે ઈજા પામનારનો પુરાવો છે તે મુજબનો છે. આ કામે ઉપરોકત રેકર્ડ પર રજુ થયેલ ભોગ બનનારનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેણીએ આરોપીએ કઈ રીતે અને કઈ કઈ જગ્યાએ તેણી સાથે દુષ્કૃત્ય આચરેલ છે તેનું વિગતવાર વર્ણન તેના અદાલત રુબરુના આંક—૨૨ ના પુરાવા દરમ્યાન કરેલ છે અને સદર ભોગ બનનારના પુરાવાની સાથે આંક—૨૪ થી રજુ થયેલ બી.એન.એસ.એસ.ની કલમ—૧૮૩ (સી.આર.પી.સી. કલમ—૧૬૪) અન્વયેનું નિવેદન વંચાણે લેતા પણ તેમાં પણ તેઓએ આરોપી દ્વારા અવારનવર દુષ્કૃત્ય આચરેલાની હકીકત જણાવેલ છે અને તેમાં કોઈ મહત્વનો વિરોધાભાસ કે વિસંગતતા જણાય આવતી નથી. અત્રે ભોગ બનનારે તેમની આંક—૨૨ થી આપેલ જુબાનીના સરતપાસના પેરેગ્રાફ—૧ અક્ષરસ: મુકવાનું વ્યાજબી જણાય છે. જે નીચે મુજબ છે.

'' **હું મોબાઈલ વાપરતી હતી. મારા મોબાઈલ નંબર અત્યારે મને યાદ નથી. મોબાઈલમા હું વોટસઅપ, ઈન્સ્ટ્રાગ્રામ, ફેસબુક, સ્નેચ વિગેરે વાપરતી હતી. આ મોબાઈલમાં ઈન્સ્ટ્રાગ્રામમમાં હું વાના કડીગયા(આરોપી) સાથે પરીચય થયેલ હતો. પરીચય થયા પછી અમો બંને વોટસઅપ અને ઈન્સ્ટ્રાગ્રામમમાં**

**વાતોચીતો કરતા હતા અને કયારેય કયારેક વિડીયોકોલ કરતા હતા. તેનો સાદો ફોન સવાર બપોર સાંજ આવતો હતો. આઠમા નોરતાના દિવસ ે તેને મળવા માટે અમારા ઘરની બહાર શીશલી મળવા માટે બોલાવેલ અને તે દિવસે હા હું મળવા ગયેલી અને પછી તેને મને તેના મો.સા.માં બેસાડી તેના ઘરે કડેગી ગામે લઈ ગયેલ ત્યા અમો પોણા પાંચ વાગ્યે કડેગી પહોંચયા. ત્યા તેના ઘરે કડેગી ગામે આરોપીના મમ્મી પપ્પા હતા. પછી આરોપીએ મારી સાથે તેના ઘરે શરીર સંબંધ જબરજસ્તીથી બાધ્યો. પછી સવારે સાડા નવ વાગ્યાની આસપાસ તેના માસીના દિકરાના ઘરે કુતિયાણા ગયેલા. ત્યાં ઈ તેના મોહીચાઈ ભાઈ સાથે સુતો હતો અને હું તેની મોહીચાઈની વહુ સાથે સુતી હતી. ત્યાં કુતિયાણા એક રાત રોકાયેલ. ત્યાથી સવારે પોણા ચાર જેવુ થયેલ ત્યારે એરડા જતા હતા ત્યા રાણાવાવ પોલીસે અમને પકડી લીધેલ. પછી ત્યાંથી મારી મમ્મી તથા પપ્પાને ફોન કરેલ અને કહેલ કે, બગવદર પોલીસ સ્ટેશને આવવા જણાવેલ.**''
સાથે સાથે ભોગ બનનારે મહે. એડી. ચીફ જયુડી. મેજી. પોરબંદરનાઓ સમક્ષ તેમનું નિવેદન રેકર્ડ કરાવેલ છે જે આંક–૨૪ માં જણાવેલ હકીકત અક્ષરસ: નીચે મુજબ છે.

'' વાના નામનો એક છોકરો મને ચાર–પાંચ દિવસ પહેલા ભગાડી ગયેલો તે મને તેના ઘરે કડેગી ગામે લઈ ગયેલો અને ત્યાં મારી મરજી વિરુઘ્ઘ શરીર સબંઘ બાંઘેલો. ત્યાથી તે મને કુતિયાણા લઈ ગયેલ. ત્યાં તેના માસીના દિકરાના ઘરે રાત રોકાયેલા. ત્યાંથી વહેલી સવારે ચાર–પાંચ વાગ્યે વાનાની માસીના ઘરે જવા નિકળેલા અને ત્યાં પહોંચતા ૫–૪૦ નો સમય થઈ ગયેલ.

ત્યાં વાચા વાચા થઈને વાનાને મારા પપ્પાએ કરેલ ફરીયાદ બાબતે ફોન ધ્વારા જાણ થતા અમો પો.સ્ટે. જવા નિકળેલ''

આમ ઉપરોકત ભોગ બનનારની મૌખિક જુબાની તથા બી.એન.એસ.એસ. ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન વંચાણે લેતા તેમાં કોઈ મહત્વનો વિરોધાભાસ જણાય આવતો નથી. અને ભોગ બનનારની મૌખિક જુબાનીને બી.એન.એસ.એસ. કલમ-૧૮૩ મુજબનું નિવેદન સમર્થન કરે છે. સાથે સાથે બચાવપક્ષે જે ઉલટ તપાસ લેવામાં આવેલ છે તેમાં પણ કોઈ મહત્વનો વિરોધાભાસ લાવી શકેલ નથી. ઉલટાનું બચાવપક્ષે તેમની ઉલટ તપાસમાં એવા સુચક સવાલ પુછેલ કે, ભોગ બનનાર અને વાના ઉર્ફે વનરાજ કડેગીયા અગાઉ મોબાઈલ ફોન તથા ઈન્સ્ટાગ્રામ ઉપર વાતચીત કરતા હતાં તથા એકબીજાને મેસેજ કરતા હતાં અને વનરાજે તેણીને ઘણી વખત વિડીયો કોલ પણ કરેલ તેનો જવાબ ભોગ બનનાર હકારમાં આપે છે. તેનાથી પણ એ હકીકત પુરવાર થાય છે કે, આ કામના આરોપી ભોગ બનનારને અગાઉથી ઓળખતો હતો. ભોગ બનનારની જુબાની વંચાણે લેતા આ કામના આરોપીએ બનાવના દિવસે ભોગ બનનારની મરજી વિરુધ્ધ બળજબરીથી તેની સાથે શરીરસબંધ બાંધેલાની હકીકતને સમર્થન મળે છે. અત્રે એ નોંધવુ આવશ્યક છે કે ભોગ બનનારે આરોપીને વી.સી. થી ઓળખી બતાવેલ છે.

(૩૦) આ કામે ફરીયાદી કે જે ભોગ બનનારના પિતા છે તે વિરમભાઈ રાજશીભાઈ મોઢવાડીયાને ફરીયાદપક્ષે સાહેદ નં. ૨ તરીકે આંક-૨૭ થી તપાસેલા છે. ફરીયાદી તેમની મૌખિક જુબાનીમાં એવુ જણાવે છે કે, હું

મોબાઈલ વાપરૂ છુ, મારા નં.૯૭૨૪૭૨૬૦૪૭ છે. મારા લગ્ન અંદાજે ૧૬ વર્ષ પહેલા મંજુબેન સાથે લગ્ન થયેલા હતા. આ લગ્ન થી મારે દિકરીનો જન્મ થયેલો. જેની ઉમર હાલ આશરે ૧૩ વર્ષ જેટલી છે. આજથી એક વર્ષ પહેલા મંજુબેન સાથે મારે છુટાછેડા થઈ ગયેલા છે અને મારી ભોગબનનાર દિકરી તેની મમ્મી મંજુબેન સાથે ફટાણા ગામે રહેતી હતી. તે અમારા ગામમાં સાતમાં ધોરણમાં ભણવા જતી હતી તે મારા ઘરે એક વખત આવેલી હતી. આજથી એકાદ વર્ષની અંદર આ ભોગબનનાર મારી દિકરી મારા ઘરે શીશલી ગામે આવેલી હતી અને ત્યારે તે રોકાણી પણ હતી.

ત્યારે કોઈ તહેવારો ન હતા. મારી ભોગબનનાર દિકરીએ મને કહેલ કે એક છોકરો મને મળવા આવે છે. તેને મને સાંજે વાત કરતાં મે તેને કહેલ કે, સુઈ જા નહીતર એક ઠપાટ મારીશ પછી અમો સુઈ ગયેલ. રાત્રે એક દોઢ વાગ્યાના અરસામા મે ઉઠીને જોયેલ તો આ મારી ભોગબનનાર દિકરી હતી નહી અને મારી પાછળ મારા ભાઈ રહે છે તેના દિકરા રમેશને ફોન કરીને મારા ઘરે બોલાવેલો અને મે તથા મારા ભત્રીજાએ ભોગબનનારને મો.સા. લને આજુબાજુમાં ગોતેલી પરંતુ મળેલ નહી. સવારે અમારા સગા વહાલામાં પણ તપાસ કરેલી, સગા વહાલામાં પણ મારી ભોગબનનાર દિકરી મળી આવેલ નહી. પછી બગવદર પોલીસ સ્ટેશનમાં અમે જાણ કરેલી. આ અંગે મે પોલીસમાં ફરીયાદ આપેલી. મને નામ.કોર્ટના રેકર્ડમાંથી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમા ડાબી સાઈડે નીચેના ભાગે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ **દા.આંક–૨૮** બીજા દિવસે મારી ભોગબનનાર દિકરી મારા ઉપર ફોન આવેલો

અને કહેલ કે બાપા મને ગોતજોમાં હું છોકરા ભેગી ભાગી ગયેલ છુ. પછી બીજા દિવસે મેર કાઉન્સીલમાં મારી ભોગબનનાર દિકરી અને છોકરો હાજર થયેલા. ત્યાંથી ફોન આવેલ પરંતુ મે કીધેલ કે અમે ફરીયાદ કરેલ છે તેથી લેવા નહી આવીએ. પછી આ બંને બગવદર હાજર થયેલ અને બગવદર પોલીસ સ્ટે.ને ગયેલો. ત્યાંથી તેની મમ્મી ભેથી ગયેલી. બનાવ બાબતે મારી ભોગબનનાર દિકરીએ વાત થયેલ નહી.

આમ ફરીયાદીએ જણાવેલ ઉપરોકત હકીકત મુજબ આ કામનો આરોપી તેની સગીર વયની દિકરીને બનાવના દિવસે તેને મળવા આવે છે તેવી વાત કરેલી અને જેથી તેને ઠપકો આપીને સુવડાવી દીધેલ પરંતુ રાત્રે એકાદ દોઢ વાગ્યે ફરીયાદીએ ઉઠીને જોયેલ તો તેની ભોગ બનનાર દિકરી મળી આવેલ નહી અને ફરીયાદી તથા તેના ભત્રીજા રમેશે તેણીની શોધખોળ કરેલી પરંતુ તે ન મળી આવતા સવારે સગા વહાલાઓને ત્યાં તપાસ કરી ત્યારબાદ બગવદર પો.સ્ટે. ને બનાવની જાણ કરેલી. અનેએ રીતે ફરીયાદીએ આંક–૨૮વાળી ફરીયાદ હકીકતને સમર્થન આપેલ છે.

(૩૧) આંક–૩૦ થી સાહેદ નં. ૩ તરીકે ફરીયાદપક્ષે ડો. રાજેશ કરશનભાઈ સોલંકીને તપાસેલા છે. ડો. રાજેશ સોલંકીની જુબાની વંચાણે લ ેતા સરતપાસના પેરા–૩ તથા ૪ અક્ષરસ: મુકવાનું વ્યાજબી જણાય છે જે નીચે મુજબ છે.

'' (૩) ભોગ બનનારે પોતાની હીસ્ટ્રીમાં મારી સમક્ષ એવી હકિકત લખાવેલ કે '' તારીખ ૧૯/૧૦/૨૦૨૪ ના રોજ રાત્રે એક થી એક ત્રીસની વચ્ચે વના કડેગીયા અમારી વાડીએ આવેલ ત્યાંથી અમોને મોટર સાયકલમાં કડેગી ગામે પોતાના ઘરે લઈ ગયેલ, ત્યારબાદ તા. ૨૦/૧૦/૨૦૨૪ ના રોજ સવારે નવથી દસ વાગ્યાની વચ્ચે કુતિયાણા

વનાની માસીના દીકારના ઘરે લઈ ગયેલ ત્યાંથી બીજા દિવસ ેવહેલી સવારે ચાર વાગ્યે એરડા ગામે વનાની માસીના દીકરાની ઘરે લઈ ગયેલ ત્યાંથી બપોર બે વાગ્યે રાણાવાવ પોલીસ સ્ટેશન આવવા માટે નિકળેલ, આ સમય દરમિયાન મારી સાથે બે વાર કડેગી ગામે મારી મરજી વિરૂધ્ધ સંબંધ બનાવેલ ''

(૪) ત્યારબાદ ભોગ બનનારની શારીરિક તપાસણી કરતા તેના વાઈટલ નોર્મલ જણાયેલ તેણીના શરીર પર પ્રાઈવેટ ભાગ પર કોઈ ઈજાના નિશાન જણાયેલ ન હતા. તેણીના સેકેન્ડરી સેકસુઅલ કેરેકટર વિકસીત હતા. તેણીના કપડા ઉપર કોઈ જાતના ડાઘના નિશાન જણાયેલ ન હતા. તેણીનુ હાઈમેન રપ્ચર્ડ(તુટેલુ) હતુ. માસિકની હીસ્ટ્રી લેતા છેલ્લા માસિકની તા. ૮/૧૦/૨૪ હતી. આજરોજ હું અસલ ઓપીડી કેસ પેપર મારી સાથે લાવેલ છુ તેમા મારા હસ્તાક્ષરો છે તે હુ ઓળખી બતાઉ છુ. તે રજુ **દા. આંક–૩૨.**

સાથે સાથે ડો. રાજેશ સોલંકીએ આરોપીની પણ શારીરીક પરીક્ષણ કરેલ છે તેમાં આરોપીએ જે હીસ્ટ્રી જણાવેલ તે આ કામના સાહેદ ડો. રાજેશ સોલંકીની જુબાનીના પેરા–૧૧ માં તે હકીકત જણાવેલ છે તે પેરા–૧૧ અને ૧૨ અત્રે અક્ષરસ: મુકવાનું વાજબી જણાતુ હોય જે નીચે મુજબ છે.

(૧૧) આરોપી વના ઉર્ફ વનરાજ ભીમા કડેગીયાએ મારી સમક્ષની હીસ્ટ્રી લખાવેલ કે '' તા. ૧૯/૧૦/૨૦૨૪ ના રોજ રાત્રે અંદાજે એક વાગ્યે શીશલી ગામે ભોગ બનનારની વાડીએ આવેલ ત્યારબાદ ભોગ બનનારની મરજીથી મોટરસાયકલમાં કડેગી ગામે સવારે છ વાગ્યે પહોચેલ ત્યાથી સવારે નવ

વાગ્યે મોટરસાયકલમાં મારા માસીના દીકરાને ત્યાં કુતિયાણા ગયેલ અને બીજા દિવસે સવારે ચાર વાગ્યે એરડા ગામે માસીના દીકરાને ત્યાં ગયેલ. બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી ત્યાં રોકાયેલ અને ત્યારબાદ પોલીસ સ્ટેશન આવવા માટે નિકળી ગયેલ. આ સમગ્ર સમય દરમ્યાન ભોગ બનનારની મરજીથી ચાર વાર શારીરિક સંબંધ બનાવેલ''.

(૧૨) આરોપીને તપાસતા તેના વાઈટલ નોર્મલ જણાયેલ તેના શરીર પર કે પ્રાઈવેટ પાર્ટ પર કોઈ ઈજાના નિશાન જણાયેલ ન હતા. તેના કપડા પર વીર્ય, લોહી કે ઉલટીના નિશાન જોવા મળેલ ન હતા. તેના સેકેન્ડરી સેકસુઅલ કેરેકટર વિકસીત જણાયેલ. તેનુ પેનિશ સંપુર્ણ વિકસીત, પીનાઈલ ઈરેકસન નોર્મલ અને સ્મેગ્મા એબ્સન્ટ જણાયેલ. આજરોજ હું અસલ એમએલસી કેસ પેપર મારી સાથે લાવેલ છુ તેમા મારા હસ્તાક્ષર છે જે ઓળખી બતાવી રજુ કરુ છુ **રજુ દા.આંક–૩૬.**

(૩૨) આમ ડો. રાજેશ સોલંકીકે જેઓ મેડીકલ ઓફીસર છે અને સ્વતંત્ર સાહેદ છે તેઓ સમક્ષની હીસ્ટ્રીમાં ભોગ બનનાર સાથે આરોપીએ શરીરસબંધ બેથી વધુ સમય બનાવેલ તે હકીકતને સાહેદની ઉપરોકત જુબાનીથી સમર્થન મળે છે. આ કામના સાહેદ કેજે મેડીકલ ઓફીસર છે તે ભોગ બનનારનું હાઈમન તુટેલુ હતુ તેવુ જણાવે છે તે હકીકત પણ ભોગ બનનાર સાથે શરીર સબંધ બાંધવામાં આવેલો તે હકીકતને સમર્થન મળે છે. આમ ઉપરોકત સાહેદની ઉલટ તપાસમાં કોઈ વિરુધ્ધની હકીકત જણાય આવેલ નથી. જેથી ભોગ બનનાર સાથે આરોપીએ શરીરસબંધ બાંધેલ તે હકીકતને સાહેદની જુબાનીથી સમર્થન મળે છે અને ઉપરોકત સાહેદે ભોગ

બનનારની જે હીસ્ટ્રી લખેલ તે કેસ પેપર આ કામે આંક–૩૨ થી રજુ રાખેલ છે તથા આરોપીએ જે હીસ્ટ્રી લખાવેલ તે કેસ પેપર આંક–૩૬ થી રજુ રાખેલ છે તે વંચાણે લેતા ઉપરોકત હકીકતને સમર્થન મળે છે.

(૩૩) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં. ૪ તરીકે ડો. નિલેશ મકવાણાને આંક–૩૯ થી તપાસવામાં આવેલ છે તેઓએ ભોગબનનારની પ્રેગનન્સી રીપોર્ટ બાબતે તપાસણી કરેલ તે હકીકત તેમની જુબાનીના પેરા–૪ માં જણાવેલ છે જે નીચે મુજબ છે.

'' (૪) ભોગબનનારને સ્ત્રી રોગ નિષ્ણાંત ડો.રવીન ધોકીયાના અભિપ્રાય માટે મોકલાવેલ. ડો. ધોકીયાએ ભોગબનનારને તપાસી અભિપ્રાય આપેલ કે કોઈ તાજી ઈજાઓ જણાયેલ નહી પરંતુ યોનીપટલ સાત વાગ્યાની પોઝીશનમાં તુટેલુ હતુ. પરંતુ કોઈ આંતરીક ઈજાના નિશાન જોવા મળેલ નહી તેમજ લાલશ, સોજો કે લોહી જણાયેલ નહી. ભોગબનનાર સાથે સંભોગ થયાની શકયતા નકારી શકાતી નથી. ભોગબનનારનો યુરીન પ્રેગન્સી રીપોર્ટ નેગેટીવ હતો.''ુ

આમ ઉપરોકત સાહેદની જુબાની વંચાણે લેતા પણ ભોગ બનનાર સાથે શરીર સબંધ (બળાત્કાર) થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે.

(૩૪) ફરીયાદપક્ષે આ કામે સાહેદ નં. પ તરીકે રામભાઈ રણમલભાઈ ઓડેદરાને આંક–૪૩ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ તે હકીકત એટલે કે, આંક–૪

૪ વાળા પંચનામાને સમર્થન આપે છે. અને બનાવ તા. ૧૯–૧૦–૨૦૦૦ ના રોજ રાત્રીના આરોપી વાના કડેગીયા ફરીયાદીની દિકરી ભોગ બનનારને ફોસલાવી, લલચાવી બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયેલ અને ભોગ બનનાર જે સેટી પલંગ પર સુતેલ હતી ત્યાં તે જોવામા આવેલ નથી તેવુ પંચનામા દરમ્યાન જણાવેલ તેવો ઉલ્લેખ આંક–૪૪ ના પંચનામામાં કરેલ છે. આમ ઉપરોકત પંચ સાહેદની જુબાનીથી બનાવવાળી જગ્યાનું પં ચનામુ આંક–૪૪ પુરવાર કરવામાં પણ ફરીયાદપક્ષ સફળ રહેલ છે.

(૩૫) ફરીયાદપક્ષે સાહેદ નં. ૫ તરીકે સંતોષકુમાર વાસુદેવ શંકરને આં ક–૪૫ થી તપાસવામાં આવેલા તેઓ પંચ સાહેદ છે તેઓ તેમની જુબાનીમાં ભોગ બનનારે બનાવ સમયેપહેરેલ કપડા કબજે લઈ શીલ કરવામાં આવેલ તેઆંક–૪૬ વાળા પંચનામાને સમર્થન આપે છે. ત્યારબાદ આ કામના આરોપીએ તપાસના કામે તેણે પહેરેલ કપડા તથા મોટર સાયકલ રજુ કરેલ તે તપાસના કામે પોલીસે કબજે લીધેલ તે આંક–૪૯ વાળા પંચનામની હકીકતને સમર્થન આપે છે.

(૩૬) ફરીયાદપક્ષે સાહેદ નં. ૭ તરીકે લક્ષ્મણભાઈ માલદેભાઈને આં ક–પર થી તપાસવામાં આવેલ છે. તેઓ કડેગી પ્રા. શાળામાં ફરજ બજાવતા હતાં અને તપાસ કરનાર અધિકારી ગામેતીના બોલાવાથી કડેગી ગામમાં રબારી કેડા પાસે રહેતા ભીમા માલદેના રહેણાંકના મકાને હાજર થયેલા

અને ત્યાં આરોપીએ ભોગ બનનાર સાથે શરીરસબંધ બાંધેલતે જગ્યાનું પં ચનામુ તેમની રુબરુ કરવામાં આવેલ અને તે રુમમાંથી ઓછાડ કબજે લીધેલ તે હકીકતને તથા તે બનાવવાળી જગ્યાની ચતુ:દિશા જે આંક–૫૩ ના પં ચનામામાં વિગતે જણાવવામાં આવેલ છે તે હકીકતને સમર્થન આપે છે અને આંક–૫૩ ના પંચનામાની સહી ઓળખી બતાવે છે.

(૩૭) ફરીયાદપક્ષે સાહેદ ન. ૮ તરીકે વિશાલભાઈ ગોપાલભાઈ પોસ્તરીયાને આંક–૫૫ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં એ હકીકતને સમર્થન આપે છે કે, તેઓને બગવદર પોલીસના બોલાવવાથી બગવદર પો.સ્ટે. હાજર થયેલા ત્યાં ભોગ બનનાર તથા આરોપીના જે સેમ્પલો કબજે લેવાના હતાં તે પંચનામાની વિગતે શીલબંધ સેમ્પલો કબજે લેવામાં આવેલ જે આંક–૫૬ વાળા પંચનામાની હકીકતને સમર્થન આપે છે.

(૩૮) ફરીયાદપક્ષે સાહેદ નં. ૯ તરીકે નરેશભાઈ અમરાભાઈ જુંજીયા પો.કો. બગવદરનાઓને આંક–૫૭ થી તપાસવામાં આવેલા છે. અને તેઓએ તેમની ફરજ દરમ્યાન તા. ૭–૧૧–ર૪ ના રોજ પી.એસ.ઓ. ના ચાર્જમાં હતાં ત્યારે ઉપરોકત ગુનાના કામે સી.એચ.સી. અડવાણા ખાતેથી ડોકટરશ્રીએ ભોગ બનનાર તથા આરોપી વાના ઉર્ફે વનરાજના જે સ ેમ્પલો લીધેલા તે પુઠાના બોકસ નંગ–ર પોલીસ સ્ટેશનના લોક રક્ષકે તેઓ રુબરુ રજુ કરેલ તે પંચનામાની વિગતે કબજે લીધેલ અને આંક–૫૬ વાળા પં ચનામામાં રુબરુ તરીકે તેમની સહી છે તે ઓળખી બતાવે છે.

(૩૯) ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૦ તરીકે આશીષકુમાર સુરમાજી બારાને

આંક–૫૮ થી તપાસવામાં આવેલા છે કે જેઓ બનાવ સમયે બગવદર પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતાં તેઓ રુબરુ તા. ૨૦–૧૦–૨૪ ના રોજ વિરમભાઈ રાજશીભાઈ મોઢવાડીયા રહે. શીશલીવાળાએ ફરીયાદ જાહેર કરેલી તે તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ અને આંક–૨૮ વાળી ફરીયાદ તેઓને બતાવતા તેઓએ ફરીયાદીએ તેમની રુબરુ સહી કરેલ તે અને રુબરુ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે અને ઉપરોકત ફરીયાદની સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી પાડેલ તે અને આગળની તપાસ સી.પી.આઈ. રાણાવાને સોંપેલી તે સુચીપત્ર અનુક્રમે આંક–૫૯ તથા ૬૦ ને સમર્થન આપે છે.

(૪૦) ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૧ સુભાષ સવજીભાઈ ગામેતીને આંક–૬૩ થી તપાસવામાં આવેલ છે કે જે સાહેદ પોતે બનાવ સમયે સી.પી.આઈ. રાણાવાવ તરીકે ફરજ બજાવતા હતાં અને ઉપરોકત ગુનાની તપાસ તેઓએ સંભાળ્યા બાદ સાધનીક કાગળો ફરીયાદ સહીતના અભ્યાસ કરી અને સાહેદોના નિવેદનો લીધેલા તથા ભોગ બનનારને શોધવા માટે સુચના કરેલી તપાસ દરમ્યાન ભોગ બનનાર અને આરોપી મળી આવતા ભોગ બનનારની તથા તેની માતા તથા સામાજીક કાર્યકર્તા તથા મહીલા પોલીસ કર્મચારીની હાજરીમાં ભોગ બનનારનું નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ ભોગ બનનાર સાથે વારંવાર શરીર સબંધ બાંધેલ હોય તેવી હકીકત તેના નિવેદનમાં જણાવેલ તે મુજબનું નિવેદન લઈ કામમાં સામેલ રાખી ત્યારબાદ બી.એન.એસ. ની કલમ–૧૩૭(૨), ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧), તથા પોકસો એકટની કલમ ૪,૬, ૮ મુજબનો ગુન્હો બનતો હોય કલમ ઉમેરો કરવા માટે રીપોર્ટ કરવામાં

આવેલ જે રીપોર્ટ પર પોતાની સહી ઓળખી બતાવે છે જે આ કામે આંક–૬૫ થી રજુ રાખે છે. ત્યારબાદ ભોગ બનનારનું બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ મુજબ નિવેદન મહે. એડી. ચીફ જ્યુડી.મેજી. સમક્ષ લેવડાવવામાં આવેલ. તથા ભોગ બનનાર અને આરોપીઓના કપડા કબજે લેવામાં આવેલ મેડીકલસ ેમ્પલો કબજે લેવામાં આવેલ આરોપી પાસેથી મોટર સાયકલ નં. જીજે–એકયુ–૯૯૦૨ ની આર.સી. બુક કબજે લીધેલ. તા. ૧૦–૧૧–૨૪ ના રોજ ભોગ બનનારનું ચીફ ઓફીસરશ્રી સબ રજીસ્ટ્રાર જન્મ મરણ પોરબંદર પાસેથી જન્મ પ્રમાણપત્ર બાબતે યાદી કરેલી. મેડીકલ સેમ્પલો એફ.એસ.એલ. જુનાગઢને મોકલેલ. ત્યારબાદ ત્યાંથી સીરોલોજીક પરીક્ષણ અહેવાલ આવી જતા ચાર્જશીટના કામે સામેલ રાખેલ વિગરે તપાસના કામે ઉં ડાણપુર્વકની તપાસના અંતે આરોપી સામે બી.એન.એસ. ની કલમ–૧ ૩૭(૨), ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧), તથા પોકસો એકટની કલમ ૪,૬, ૮ મુજબનો ગુન્હો બનતો હોવાનું જણાય આવતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ અને એ રીતે આંક–૬૫ થી આંક–૮૧ સુધીના દસ્તાવેજોને તેઓ સમર્થન આપે છે તથા તપાસના કામે આરોપી ઘરપકડ કરવામા આવેલ તે હકીકતને પણ સમર્થન કરે છે અને આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

આમ ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવાને ઘ્યાનપુર્વક વંચાણે લેતા બચાવપક્ષે ભોગ બનનારની જન્મ તારીખ પુરાવાર નથી થતી તથા ફરીયાદી ભોગ બનનાર સાથે સંભોગ થયેલાની હકીકતને સમર્થન કરતા નથી તે હકીકત માનવાયોગ્ય નથી.

(૭૧) આ તબક્કે પોક્સો એક્ટની કલમ–૨૯ તથા કલમ–૩૦ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

***<u>Section 29. Presumption as to certain offences.</u>***

***Where a person is prosecuted for committing or abetting or attempting to commit any offence under sections 3, 5, 7 and section 9 of this Act, the Special Court shall presume, that such person has committed or abetted or attempted to commit the offence, as the case may be unless the contrary is proved.***

***<u>Section</u>*** **<u>30</u>**. **Presumption of culpable mental state.**—(1) In any prosecution for any offence under this Act which requires a culpable mental state on the part of the accused, the Special Court shall presume the 13 existence of such mental state but it shall be a defence for the accused to prove the fact that he had no such mental state with respect to the act charged as an offence in that prosecution.

(2) For the purposes of this section, a fact is said to be proved only when the Special Court believes it to exist beyond reasonable doubt and not merely when its existence is established by a preponderance of probability.

Explanation.—In this section, “culpable mental state” includes intention, motive, knowledge of a fact and the belief in, or reason to believe, a fact.

(૭૨) ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા હાલના કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરેલ છે. ફરીયાદપક્ષના મુળભુત કેસની હકીકતો પુરવાર થયેલ છે. આરોપી તરફે તેનાથી વિરુધ્ધની કોઇ હકીકતો રેકર્ડ ઉપર પુરવાર કરેલ નથી. તેવા સંજોગોમાં કલમ–૨૯ નું અનુમાન ફરીયાદપક્ષના લાભમાં કરવાનું થાય છે. આમ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું ધ્યાનપુર્વક વંચાણે લેતા અને મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષ આંક–૨૮ વાળી ફરીયાદની હકીકતને આંક–૨૨ થી ભોગ બનનારની જુબાની તથા ભોગ બનનારે મહે. એડી. ચીફ જયુડી. મેજી. સમક્ષ બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબ આપવામાં આવેલ નિવેદન તથા મેડીકલ ઓફીસર સમક્ષ ભોગ બનનાર તથા આરોપીએ આપેલ હીસ્ટ્રી તથા મેડીકલ સર્ટી. બનાવવાળી તથા ગુનાવાળી જગ્યાના પંચનામાથી ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે, બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૨ વર્ષ ૧૧ માસ અને ૨૯ દિવસની હતી તે ભોગ બનનારને આ કામના આરોપી વાના ઉર્ફે વનરાજ ભીમાભાઈ કંડેગીયાએ બનાવની રાત્રે ભોગ બનનારના પિતા એટલે કે ફરીયાદી વિરમભાઈ રાજશીભાઈ મોઢવાડીયાના ઘરેથી તેમના કાયદેસરના વાલીપણાના કબજામાંથી રાત્રીના સમયે ફોસલાવી, પટાવી તથા પ્રલોભન આપી ભગાડી લઈ જઈ આરોપીએ તેના ઘરે ભોગ બનનાર સાથે તેની મરજી વિરુધ્ધ બળજબરીપુર્વક વારંવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરેલ હોવાનું પુરવાર કરવામાં સફળ થયેલ છે અને જેથી આ કામના આરોપી સામે બી.એન.એસ. ની કલમ–૧૩૭(૨), ૬૪(૨)(આઈ)(એમ),

૬૫(૧), તથા પોકસો એકટની કલમ ૪,૬, ૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો પુરવાર થતો હોય **મુદ્દા નં. ૨ તથા ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

(૪૩) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી વિરુધ્ધના ગુન્હા પુરવાર થતા હોય જેથી આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

૧. આરોપી વાના ઉર્ફે વનરાજ ભીમાભાઈ કડેગીયા ને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) હેઠળ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. આરોપીને સજા અંગે સાંભળવા માટે રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૦ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૦ /૦૪/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (પોકસો)અને
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701

(૭૪) સજાના મદ્દે સાંભળ્યા. આરોપી તરફે વિ. વ.શ્રી જે. આર. ઓડેદરાની રજુઆત છે કે, આરોપી નાની ઉંમરના છે, તેમના પિતા મજુરી કામ કરે છે. માતાને કેન્સરની બીમારીથી પીડીત છે. ઘરમાં કમનાર કોઇ વ્યકિત નથી. અરજદારની આર્થિક પરિસ્થીતી નબળી છે જેથી ઓછી સજા અને ઓછો દંડ કરવા વિનંતી કરે છે. ફરીયાદપક્ષે વિ. ડી.જી.પી. શ્રી એસ. બી. જેઠવા તરફે મુખ્યત્વે દલીલ એવી છે કે, આક્ષેપિત ગુન્હો ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ થયેલ છે અને ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષથી ઓછી છે તે ધ્યાને લઇ અને કાયદાના પ્રોવીઝનો મુજબ સજા કરવા વિનંતી કરે છે.

(૭૫) આ કામે સજાના મુદ્દે આરોપીના વિ.વ.શ્રી જે. આર. ઓડેદરા તથા ફરીયાદપક્ષે વિ. ડી.જી.પી. શ્રી એસ.બી. જેઠવા સાંભળ્યા. ફરીયાદપક્ષે ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા પુરવાર થયેલ છે. આમ જયારે આરોપી સામે ગં ભીર પ્રકારનો ગુન્હો જેવો કે, ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેની ભોગ બનનાર દિકરી કે જેની ઉંમર ૧૨ વર્ષ ૧૧ માસ અને ૨૯ દિવસની હતી તેને લોભ, લાલચ અને પ્રલોભન આપી મધ્યરાત્રીએ ભગાડી લઈ જઈ અને તેની સાથે તેની મરજી વિરુધ્ધ બળજબરી પુર્વક અવાનવાર શરીર સબંધ બાંધેલ છે તે એક ગંભીર બાબત છે. ધારાસભાએ ઉપરોકત ગુન્હામાં જેમાં ભોગ બનનારની ૧૬ વર્ષથી નીચેની હોય તે સંજોગોમાં ૨૦ વર્ષથી ઓછી નહી અને આજીવન કેદની સજાની જોગવાઈ કરેલ છે અને આજીવન કેદ એટલ ે કે વ્યકિતના જીવનના અંતીમ શ્વાસ સુધીની સજાની જોગવાઈ

ધારાસભાએ ઉપરોકત પ્રોવીઝનમાં કરેલ છે. ધારાસભા ઉપરોકત પ્રોવીઝનની રચના પાછળ ૧૬ વર્ષથી નાની ઉંમરની બાળકીના જીવન અને તેના શીલ અને ચારીત્રની સુરક્ષા બાબતે ગંભીર છે જેથી જયારે હાલના કેસમાં ભોગ બનનાર બાળકીની ઉંમર ૧૨ વર્ષ ૧૧ માસ અને ૨૯ દિવસની હોય ત્યારે તેવા આરોપીને સજામાં કોઈપણ પ્રકારે ઓછી સજા કરવાનું વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાતુ નથી અને જેથી કાયદાના પ્રોવીઝન મુજબ જે મહત્તમ સજા એટલે કે, આજીવન કેદની સજા કરવાનું આ કોર્ટને વ્યાજબી, ન્યાયી અને ઉચિત માને છે અને જેથી સાંપ્રત સમાજમાં સગીર બાળકી સાથે થતા જઘન્ય અપરાધ રોકવા માટે દાખલો બેસાડી શકાય અને જેથી તે મુજબ હુકમ કરવામા આવે છે.

(૪૬) આ તબકકે પોકસો કલમ–૪૨ ધ્યાને લેવી જરુરી જણાય છે. જેની જોગવાઈ નીચે મુજબ છે.

**"42. Where an act or omission constitutes an offence punishable under this Act and also under sections 166A, 354A, 354B, 354C, 3540, 370, 370A, 375, 376, 376A, 376C, 3760, 376E or section 509 of the Indian Penal Code, then, notwithstanding anything contained in any law for the time being in force, the offender found guilty of such offence shall be liable to punishment under this Act or under the Indian Penal Code as provides for punishment which is greater in degree."**

(૪૭) ઉપરોકત જોગવાઈ જોતા હાલના કેસમાં આરોપીને બી. અને.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબ પણ આરોપીને તેની સામેનો

ગુન્હો સાબીત થયાનું અને તકસીરવાન ઠરાવેલ છે અને તે રીતે આઇ.પી.સી. કલમ–૩૭૬(બી.એન.એસ. કલમ–૬૪(૨)(આઇ)(એમ) (૬૫(૧)) ના ગુન્હા સબબ નવા સુધારા પ્રમાણે કરવામાં આવેલ સજા અંગેની જોગવાઇ ધ્યાને લઇએ તો તેમાં ઓછામાં ઓછી ૧૦ વર્ષની અને મહત્તમ આજીવન કેદની સખત કેદની સજાની જેમાં આજીવન કેદની આરોપીના કુદરતી મૃત્યુ ન થાય ત્યાં સુધી ગણવાની જોગવાઇ છે અને દંડની જોગવાઇ છે. જયારે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪ એકટની કલમ–૪ માં જો બનાવ સમયે ભોગ બનનાર ૧૬ વર્ષથી ઓછી ઉંમરની હોવાનું સાબીત થાય ત્યારે ઓછામાં ઓછી ૨૦ વર્ષની સખત કેદ અને દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ કામે ઉપરોકત જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમના સજાના સંદર્ભમાં અને સરકારી વ.શ્રીની રજુઆત તથા કાયદાકીય જોગવાઇ મુજબ આરોપીને આઇ.પી.સી. કલમ–૩૭૬ (બી.એન.એસ. કલમ–૬૪(૨)(આઈ)(એમ), ૬૫(૧) મુજબ અલગ સજા કરતો નથી પરંતુ તેની સામે પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબનો ગુન્હો સાબીત થયેલાનું કોર્ટે ઠરાવેલ છે ત્યારે તે મુજબ તે ગુનામાં સજા કરવાનું ઠરાવુ છું.

**ભોગ બનનારને કમ્પેન્સેશન**

(૪૮) હાલના કેસમાં ભોગ બનનાર એક ૧૨ વર્ષની નાની બાળકી બનાવ સમયે હતી. ભોગ બનનારને આ બનાવ થકી શારીરીક અને માનસીક આઘાત તથા ઈજા પહોંચેલ હોય તે સ્વાભાવિક છે. ગુજરાત સરકારની વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ ધ્યાને લેતા આ પ્રકારના કિસ્સામાં ભોગ બનનારને વળતર ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા ભોગ બનનારની કુમળી વયની ઉંમરને ધ્યાને લેતા સદર વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે જણાવવામાં આવેલ અને જોગવાઇ કરવામાં આવેલ રકમ મુજબ ભોગ બનનારને વળતર ચુકવવાનું

થાય છે. જે મુજબ રેપના કિસ્સામાં ભોગ બનનારને ઓછામાં ઓછી રકમ રુપિયા ચાર લાખ અને મહત્તમ રુપિયા સાત લાખ અને જો ભોગ બનનાર સગીર વયની હોય તો જોગવાઇ મુજબની રકમ કરતા ૫૦ % રકમ વધારે આપવાની જોગવાઈ છે. હાલના કેસમાં ભોગ બનનાર ૧૨ વર્ષની નાની બાળકી છે અને ભોગ બનનાર વિરુધ્ધ આરોપીએ રેપ કર્યા અંગેનો ગુનો સાબીત થયેલ છે. જેથી ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે રુપિયા ૪,૦૦,૦૦૦ (અંકે રુપિયા ચાર લાખ પુરા) જેમાં વચગાળાના વળતરની રકમ અગાઉ ચુકવેલ હોય તો તે રકમ બાદ થયા પછીથી બાકી રહેતી રકમ ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે વળતર તરીકે ચુકવવામાં આવે તો તે યોગ્ય જણાય છે.

(૪૯) આરોપીને આ કેસમાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ :**

**૧)** આ કામના આરોપી વાના ઉર્ફે વનરાજ ભીમાભાઈ કડેગીયા ને બગવદર પોલીસ સ્ટેશનગુ.ર.નં.– ૧૧૨૧૮૦૦૩૨૪૦૫૮૯ /૨૦૨૪ થી બી. એન. એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ), ૬૫ (૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૨)** આ કામના આરોપીને બી. એન. એસ.ની કલમ–૧૩૭(૨) મુજબના ગુના સબબ ૦૭ (સાત ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ કરવામાં

આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૨ (બે) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ભોગ બનનારને ચુકવવી.

૩) આ કામના આરોપીને બી. એન. એસ.ની કલમ–૮૭ મુજબના ગુના સબબ ૧૦ (દસ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ભોગ બનનારને ચુકવવી.

૪) આ કામના આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪ મુજબના ગુના અન્વયે આજીવન કેદની એટલે કે આરોપીના જીવનના અંતીમ શ્વાસ સુધીની કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) દંડ કરવામાં આવે છે. દંડની રકમ ભોગ બનનારને ચુકવવી.

૫) આ કામના આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૬ મુજબના ગુના અન્વયે આજીવન કેદની એટલે કે આરોપીના જીવનના અંતીમ શ્વાસ સુધીની કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) દંડ કરવામાં આવે છે. દંડની રકમ ભોગ બનનારને ચુકવવી.

૬) આ કામના આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૮ મુજબના ગુના સબબ ૦૫ (પાંચ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ

૦૧ (એક) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ભોગ બનનારને ચુકવવી.

**૭)** આ કામના આરોપીને બી.એન.એસ. કલમ–૬૪(૨)(આઇ(એમ), ૬૫(૧) મુજબના ગુના સબબ અલગથી કોઇ સજા કરવામાં આવતી નથી.

**૮)** બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૭ મુજબ આરોપીએ ઉપરોકત તમામ સજા એક સાથે ભોગવવાની રહેશે.

**૯)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ ની જોગવાઇ મુજબ આરોપીને ભોગવેલ સજા મજરે આપવી.

**૧૦)** આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ બીન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો અને જો અપીલ થાય તો અપીલ કોર્ટના હુકમ મુજબ નિકાલ કરવો. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન અન્વયે અગાઉ જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ વાહનની અપીલ સમય વિત્યા બાદ યોગ્ય ઇન્કવાયરી કરીને મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૧)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ ની જોગવાઇ અન્વયે આરોપીને આ ચુકાદાની સર્ટીફાઇડ નકલ વિનામુલ્યે તાત્કાલીક આપવી.

**૧૨)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬ ની જોગવાઇ અન્વયે આ ચુકાદાની એક નકલ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, પોરબંદરને મોકલી આપવી.

**૧૩)** આ ચુકાદાની એક નકલ ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી, પોરબંદરને, ભોગ બનનારને વળતર ચુકવવા માટે મોકલી આપવી.

**૧૪)** આ કામના આરોપીનું ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ આરોપીના નામનું સજા વોરંટ ઇસ્યુ કરવુ.

આ હુકમ આજરોજ તા. ૧૦ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૦/૦૪/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (પોકસો)અને
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701